સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 52 (25/12/22 to 31/12/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 25 DEC-2022


- દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day) ..... 02
- 'Coal 2022 : Analysis and Forecast to 2025' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો ..... 04
- INCOVACC, ઈન્ટ્રાનાસલ COVID-19 રસી ..... 05
- QUESTION ANSWERS ..... 07


## 26 DEC-2022


- દિવસ મહિમા : 26 ડિસેમ્બર, વીર બાળ દિવસ ..... 08
- કોરોના વાયરસનો BF.7 વેરિએન્ટ ..... 09
- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીના મુખ્ય સલાહકાર અને સલાહકાર તરીકે રાજ્યના બે નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક ..... 09
- ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ..... 11
- QUESTION ANSWERS ..... 14


## 27 DEC-2022


- દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ ..... 15
- કાંકરિયા કાર્નિવાલ - 2022 ..... 15
- બોમ્બ ચક્વાત (Bomb Cyclone) ..... 15
- QUESTION ANSWERS ..... 17


## 28 DEC-2022


- AVGC Promotion Task Force Report ..... 18
- નેપાળના નવા વડાપ્રધાન : શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' ..... 20
- QUESTION ANSWERS ..... 21


## 29 DEC-2022


- પ્રલય મિસાઈલ (Pralay Missile) ..... 22
- ઇ-સ્પોર્ટ્સ (E-Sports) ..... 23
- 'માંગદેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક' પાવર પ્રોજેક્ટ ભૂટાનને સોંપવામાં આવ્યો ..... 24
- અમૃત ભારત સ્ટેશન યોજના (Amrit Bharat Station Scheme) ..... 25
- QUESTION ANSWERS ..... 27


## 30 DEC-2022


- તેલંગાણામાં ભદ્રાચલમ જૂથના મંદિરોમાં 'તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ' પ્રોજેક્ટ ..... 28
- 10 સૂત્રી શાંતિ યોજના : યુક્રેન ..... 29
- QUESTION ANSWERS ..... 31


## 31 DEC-2022


- બ્રાઝિલના મહાન ફૂટબોલર શ્રી પેલેનું નિધન ..... 32
- BSF માટે પ્રહરી એપ લોન્ચ કરવામાં આવી ..... 34
- QUESTION ANSWERS ..... 36

ONE LINER ..... 37

QUESTION OF THIS WEEK ..... 42


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day)

ભારતમાં દર વર્ષે 25 ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ભારતમાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈની યાદમાં તેમનો જન્મદિન 25 ડિસેમ્બર 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે.
- શ્રી અટલ બિહારી વાજપેઈનો જન્મ 25 ડિસેમ્બર, 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા વર્ષ 2014થી 'સુશાસન દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### શ્રી અટલ બિહારી વાજપેઈ

તેઓ પ્રથમ વખત 16 મે, 1996ના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા.

- આ સમયે તેઓ ઉત્તરપ્રદેશના લખનૌ અને ગુજરાતના ગાંધીનગર મતક્ષેત્રમાંથી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જોકે ત્યારબાદ તેમણે ગાંધીનગર મતક્ષેત્રમાંથી રાજીનામું આપ્યું હતું.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી ભારતના 10મા વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી વડાપ્રધાન તરીકે પાંચ વર્ષની ટર્મ પુરી કરનાર પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ NDA (National Democratic Alliance) નામના ગઠબંધનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- NDA ગઠબંધનના તેઓ પ્રથમ વડાપ્રધાન હતા.
- તેઓ લોકસભાના સભ્ય તરીકે 10 વખત ચૂંટાયા હતા. અને બે વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા.
- અલગ–અલગ સામાન્ય ચૂંટણીઓમાં અલગ–અલગ ચાર રાજ્યોમાંથી કુલ છ લોકસભા બેઠકો પર વિજેતા બનનાર તેઓ એકમાત્ર સાંસદ હતા.
- તેઓ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત અને દિલ્હીમાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- છેલ્લે તેઓ 2009 સુધી ઉત્તરપ્રદેશની લખનૌ લોકસભા બેઠકના સભ્ય હતા.
- તેમને વર્ષ 2015માં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી

શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ભારતના વડાપ્રધાન તરીકે અનેક મહત્ત્વના કાર્યો કર્યા હતા. તેમાંથી તેમના ખૂબ જ અગત્યના કાર્યો આ પ્રમાણે છે :

## પરમાણુ પરીક્ષણ

તેમના નેતૃત્વ હેઠળ 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળનામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ બોમ્બનું બીજું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ પરીક્ષણને 'પોખરણ-II' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના

ભારતના ચાર મોટા શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવા માટે 'સ્વર્ણિમ ચતુર્ભુજ' યોજનાની શરૂઆત કરી.

## દિલ્હી-લાહોર બસ સેવા

પાકિસ્તાન સાથે સબંધો સુધારવા માટે 19 ફેબ્રુઆરી, 1999ના રોજ 'સદા–એ–સરહદ'ના નામથી દિલ્હીથી પાકિસ્તાનના લાહોર સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો.

- આ બસ સેવાનું ઉદ્દઘાટન કરીને બસના પ્રથમ યાત્રી તરીકે તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા.

## કારગીલ યુદ્ધમાં વિજય

ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કારગીલ યુદ્ધમાં 26 જુલાઈ, 1999ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનને પરાજય આપ્યો.

## 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ

ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'સર્વ શિક્ષા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી.

- 2001માં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત 6 થી 14 વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- અને આ ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો.

## ચંદ્રયાન-1

15 ઓગસ્ટ, 2003ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતા શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ચંદ્રયાન-1 પ્રોજેક્ટની જાહેરાત કરી.

- આ અંતર્ગત 22 ઓક્ટોબર, 2008ના રોજ શ્રી હરિકોટા ખાતેથી 'ચંદ્રયાન-1' લોન્ચ કરવામાં આવ્યું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દૂરસંચાર ક્રાંતિ

દૂરસંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ્ડ લાઈસન્સની ફી નાબૂદ કરીને 'રેવન્યુ શેરિંગ'ની વ્યવસ્થા શરૂ કરી.

- 1 ઓક્ટોબર, 2000ના રોજ BSNLની સ્થાપના કરવામાં આવી.
- નવી ટેલિકોમ નીતિ જાહેર કરી.

## સદૈવ અટલ

25 ડિસેમ્બર, 2018ના રોજ નવી દિલ્હી ખાતે 'ભારત રત્ન' શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિ 'સદૈવ અટલ' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.

- નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર 'સદૈવ અટલ' નામનું આ સમાધિ સ્થળ બનાવવામાં આવ્યું છે.
- આ સમાધિના પ્લેટફોર્મ પર બ્લેક ગ્રેનાઈટ પથ્થરના નવ ચોરસ બોક્સ છે. તેની મધ્યમાં 'દીવા'ની પ્રતિકૃતિ છે.
- આ નવ નંબર નવરાસ, નવરાત્ર અને નવગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ સમાધિનું નિર્માણ રૂ. 10.51 કરોડના ખર્ચે 'અટલ સ્મૃતિ ન્યાસ સોસાયટી' દ્વારા કરાવવામાં આવ્યું છે.
- આ સમાધિના નિર્માણ માટે દેશના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેમાં સમાધિનો મુખ્ય પથ્થર તેલંગણાની ખમ્મમની પ્રસિદ્ધ ખાણમાંથી લાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'Coal 2022 : Analysis and Forecast to 2025' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો

16 ડિસેમ્બરના રોજ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ 'કોલ 2022 : એનાલિસિસ એન્ડ ફોરકાસ્ટ ટુ 2025' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો.



### રિપોર્ટના મુખ્ય તારણો

ભારત અને ચીન કોલસાના સૌથી મોટા ઉત્પાદક, ઉપભોક્તા અને આયાતકાર છે.

- તેઓ વિશ્વના એકમાત્ર એવા બે દેશો છે જેમણે કોલસાની ખાણકામની મિલકતોમાં રોકાણમાં વધારો જોયો છે. તે ઊર્જા સ્ત્રોતો માટે બાહ્ય સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડવા માટે સ્થાનિક ઉત્પાદનમાં વધારો થવાના કારણે છે.
- ભારતમાં કોલસાનું સ્થાનિક ઉત્પાદન 2025 સુધીમાં એક અબજ ટનથી વધુ થવાની ધારણા છે. દેશનો કોલસાનો વપરાશ 2007 થી 6 ટકાના વાર્ષિક વૃદ્ધિ દરે બમણો થયો છે.
- ભારત અને ચીન જેવા દેશોમાં જ્યાં કોલસો પાવર સિસ્ટમ માટે બળતણનો મુખ્ય સ્ત્રોત છે.

- યુક્રેન પર રશિયન આક્રમણ અને રશિયન ગેસ પર નિર્ભરતાને કારણે યુરોપમાં ગેસના ભાવમાં ઉછાળો આવ્યો હતો, જેના કારણે કોલસાના ભાવમાં વધારો થયો હતો.
- તેલની વધતી કિંમતો તેમજ હાઈડ્રોઈલેક્ટ્રિક અને પરમાણુ ઉત્પાદનમાં ઘટાડો થવાને કારણે યુરોપિયન યુનિયન દેશોને વીજળી ઉત્પન્ન કરવા માટે કોલસા તરફ સ્વિચ કરવાની ફરજ પડી હતી. જોકે જર્મનીના અપવાદ સાથે EUમાં કોલસા આધારિત વીજ ઉત્પાદનોમાં વધારો જોવા મળ્યો નથી.
- યુએસ પાસે કોલસાના ઉપયોગની નીચેની ગતિ જાળવી રાખે તેવી અપેક્ષા છે.
- જ્યારે ચીનમાં કોલસાનો ઉપયોગ ઊંચો રહે છે ત્યારે નવીનીકરણીય ઊર્જા ઉત્પાદનમાં વૃદ્ધિ 2025 સુધી દર વર્ષે સરેરાશ 0.7 ટકાના દરે કોલસાના વપરાશને સ્થિર કરવાની અપેક્ષા છે.

### IEA કોલ માર્કેટ રિપોર્ટ

2011થી IEAનો 'કોલ માર્કેટ રિપોર્ટ' દર ડિસેમ્બરમાં પ્રકાશિત થાય છે.

- કોલસાની માંગ પુરવઠા અને વેપારની આગાહી માટે તે વૈશ્વિક બેન્ચમાર્ક છે.
- કોલ 2022 રિપોર્ટ ઊર્જા સંકટ અને ભૌગોલિક રાજકીય તણાવ અંગે વધતી જતી ચિંતાઓ વચ્ચે કોલસાની માંગ, પુરવઠો, વેપાર, ખર્ચ અને કિંમતોમાં વર્તમાન વલણોનું વ્યાપક વિશ્લેષણ પ્રદાન કરે છે.
- કોલસો હાલમાં આબોહવા અને ઊર્જા સંબંધિત ચર્ચાઓના કેન્દ્રમાં પણ છે. કારણ કે તે વીજળી ઉત્પાદન અને લોખંડ, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદન માટે વિશ્વનો સૌથી મોટો ઊર્જા સ્ત્રોત છે.

## INCOVACC, ઈન્ટ્રાનાસલ COVID-19 રસી

ભારત બાયોટેકની ઈન્ટ્રાનાસલ (ઈન્ટ્રાનેજલ) રસી BBV154 અથવા INCOVACC એ Covid-19 માટે બૂસ્ટર ડોઝ તરીકે મંજૂર કરાયેલ વિશ્વની પ્રથમ ઈન્ટ્રાનાસલ રસી છે.

### INCOVACC




નેજલ વેક્સિન, પૂર્વ–સંલયન સ્પાઈક પ્રોટીન સાથે એક રિકોમ્બીનન્ટ રેપ્લીકેશન–ડેફિસીએન્ટ એડનોવાયરસ વેક્ટરવાળી વેક્સિન છે.

### મહત્વ

વેક્સિનને નેજલ સ્પ્રે (અનુનાસિક સ્પ્રે) દ્વારા આપવામાં આવે છે,

તે હાલમાં ઉપલબ્ધ તમામ Covid-19 રસીઓ માટે સોય અને સિરીંજની જરૂરિયાતને દૂર કરશે.

- તેને આપવા માટે પ્રશિક્ષિત કર્મચારીઓ પરની નિર્ભરતા પણ ઘટશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- Incovacc Omicron વેરિઅન્ટ સામે અસરકારક છે જે ફેફસામાં પ્રવેશતા પહેલા ઉપલા શ્વસન માર્ગને અસર કરે છે.

## પદ્ધતિ

જેવી આ રસી નાક દ્વારા આપવામાં આવે છે ત્યારે તે મ્યુકોસલ મેમ્બ્રેનમાં રોગ પ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરે છે.

- BBV154 ઉપલા શ્વસન માર્ગમાં સ્થાનિક એન્ટિબોડિઝ ઉત્પન્ન કરી શકે છે જે ચેપ અને રોગના સંક્રમણને ઘટાડવાની ક્ષમતા પ્રદાન કરી શકે છે.
- નેજલ અથવા નાકની રસી સ્થાનિક રોગપ્રતિકારક શક્તિ પૂરી પાડે છે (નાકમાં જ્યાં વાયરસ પ્રથમ પ્રવેશે છે), એવું કહી શકાય કે તે આપણી પાસે વર્તમાન પેઢીની રસીઓ કરતા ટ્રાન્સમિશનને રોકવામાં અસરકારક બનવાની વધુ ક્ષમતા ધરાવે છે.

**નોંધ :** Incovacc માત્ર 18 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે બૂસ્ટર ડોઝ તરીકે ઉપલબ્ધ હશે જેમણે Covaxin અથવા Covishield ના 2 ડોઝ મેળવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'સુશાસન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર (C)

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (B) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી અટલ બિહારી વાજેપેઈ (D)

3. ભારતમાં શ્રી અટલ બિહારી વાજેપેઈના જન્મ દિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 (B)

4. ભારતમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધીનું નામ શું છે ?
(A) અટલ ઘાટ (B) અટલ સ્મૃતિ (C) સદૈવ અટલ (D) અમર અટલ (C)

5. તાજેતરમાં 'Coal 2022 : Analysis and Forecast to 2025' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ રિપોર્ટ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર ભારત અને ચીન કોલસાના સૌથી મોટા ઉત્પાદક, ઉપભોક્તા અને આયાતકાર છે.
3. આ રિપોર્ટ અનુસાર ભારતમાં કોલસાનું સ્થાનિક ઉત્પાદન 2025 સુધીમાં એક અબજ ટનથી વધુ થવાની ધારણા છે.
4. ભારતમાંથી સૌથી વધુ કોલસાનો નિકાસ ફિલિપાઈન્સ, માલદીવ અને દક્ષિણ સુદાનમાં થાય છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1 અને 2 (A)

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'INCOVACC' કોવિડ-19 રસી વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. ભારત બાયોટેકની ઈન્ટ્રાસલ (ઈન્ટ્રાનેજલ) રસી BBV154 અથવા INCOVACC એ Covid-19 માટે બૂસ્ટર ડોઝ તરીકે મંજૂર કરાયેલ પ્રથમ ઈન્ટ્રાસલ રસી છે.
2. વેક્સિનને નેજલ સ્પ્રે (અનુનાસિક સ્પ્રે) દ્વારા આપવામાં આવે છે, તે સોય અને સિરીંજની જરૂરિયાતને દૂર કરશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 ડિસેમ્બર, વીર બાળ દિવસ

26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ સાહિબજાદાઓ એટલે કે શ્રી ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રોને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉજવવામાં આવે છે.
- આ તારીખ એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે આ દિવસ સાહિબજાદા જોરાવાર સિંહ અને ફતેહસિંહના 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જેઓ અનુક્રમે છ અને નવ વર્ષની વયે મુઘલ સેના દ્વારા સરહિંદ (પંજાબ)માં શહિદ થયા હતા.
- સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહસિંહ શીખ ધર્મના સૌથી આદરણીય શહીદોમાંના છે.
- 1704માં ઔરંગઝેબના આદેશ પર મુઘલ સૈનિકોએ આનંદપુર સાહિબને ઘેરી લીધુ હતું. જેમાં શ્રી ગુરુ ગોવિંદસિંહના બે પુત્રો પકડાઈ ગયા હતા.
- અને આ બંને પુત્રને જણાવવામાં આવ્યું હતું કે તે પોતાના ધર્મ બદલાવી નાખે તો તેમને મૃત્યુ દંડની સજા થશે નહીં.
- પરંતુ બન્ને પુત્રોએ અધાર્મિક માર્ગને અનુસરવાને બદલે મૃત્યુને પસંદ કર્યુ હતું. અને તેમને ઈંટો વડે જીવતા બાંધવામાં આવ્યા હતા.
- ચારેય સાહિબજાદાઓ ક્યારેય અન્યાય સામે ઝૂક્યા નથી. તેઓ સુમેળ ભર્યુ વિશ્વ બનાવવા માંગતા હતા.



નોંધ : (1) પંજાબી ભાષામાં સાહિબજાદેનો અર્થ પુત્ર થાય છે. આ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે શીખ ધર્મના ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રોના સંદર્ભમાં થાય છે.

(2) તેમના ચાર પુત્રો સાહિબજાદા બાબા અજીતસિંહ, જુઝારસિંહ, જોરાવર સિંહ અને ફતેહસિંહ હતા.

(3) ગુરુ ગોવિંદસિંહના મોટા પુત્રોને 'વડા સાહિબજાદે' પણ કહેવામાં આવે છે.

(4) સાહિબજાદાઓ 21 ડિસેમ્બરથી 26 ડિસેમ્બરની વચ્ચે મૃત્યુ પામ્યા હતા. દર વર્ષે આ સમયગાળા દરમિયાન શીખ લોકો 'સંગત'નું પાલન કરે છે.

(5) પંજાબીમાં સંગતનો અર્થ 'સાથી' થાય છે. આ દરમિયાન શિખો ભજન ગાય છે અને કીર્તન કરે છે.

## કોરોના વાયરસનો BF.7 વેરિએન્ટ

તાજેતરમાં કોરોના વાયરસને BF.7 વેરિએન્ટે ચીનમાં હાહાકાર મચાવ્યો છે.

### BF.7 વેરિએન્ટ વિશે



જ્યારે વાયરસ પરિવર્તિત થાય છે, ત્યારે તેઓ તેમના પોતાના પ્રકારો અને પેટા પ્રકારો બનાવે છે.

- ઉદાહરણ તરીકે SARS-COV-2 એ વાયરસનું મુખ્ય સ્ટેમ છે અને તે વિવિધ પ્રકારો અને પેટા–ચલોના સ્વરૂપમાં ફેલાયેલું છે.
- BF.7 પણ BA.5.2.1.7ની સમકક્ષ છે, જે ઓમીક્રોન (Omicron)નું સબ વેરિએન્ટ છે.
- હાલમાં Omicronના અસંખ્ય વેરિએન્ટ અસ્તિત્વમાં છે.
- તાજેતરમાં એક અભ્યાસમાં જણાવાયું છે કે BF.7 સબ–વેરિએન્ટમાં મૂળ D614G વેરિએન્ટ કરતા 4.4 ગણો વધુ તટસ્થતા પ્રતિકાર છે.
- આનો અર્થ એ થયો કે રસી અપાયેલા લોકોના શરીરમાં હાજર એન્ટિબોડીઝ 2020માં વિશ્વભરમાં ફેલાયેલા કોરાના વાયરસની તુલનામાં BF.7નો નાશ કરવામાં ઘણી ઓછી ક્ષમતા ધરાવે છે.
- વધુ તટસ્થા અથવા ઉચ્ચ તટસ્થતા પ્રતિકારનો અર્થ એ છે કે વસતીમાં વેરિએન્ટ ફેલાવાની અને અન્ય વેરિએન્ટ (પ્રકાર) બદલવાની સંભાવના વધુ છે.

## ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર અને સલાહકાર તરીકે રાજ્યના બે નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના મુખ્ય સલાહકાર અને સલાહકાર એમ બે નવી જગ્યાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ઊભી કરીને રાજ્યના બે નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓને આ જગ્યા પર નિમણૂક કરવામાં આવી છે.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્ય સલાહકાર તરીકે ભારત સરકારના પૂર્વ નાણા સચિવ શ્રી ડો. હસમુખ અઢિયાની નિમણૂક કરવામાં આવી છે.
- તથા સલાહકાર તરીકે શ્રી એસ. એસ. રાઠૌરની નિમણૂક કરી છે.

## મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર

- ડો. હસમુખ અઢિયાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્ય સલાહકાર તરીકે નિમણૂક થઈ છે.
- તેઓ મુખ્યમંત્રીશ્રીને નાણા, આર્થિક બાબતો, શિક્ષણ, ઊર્જા અને બિનપરંપરાગત ઊર્જા, રોકાણોને લગતી બધી જ પોલિસી અને તેનું મોનિટરીંગ તથા રાજ્ય સરકાર દ્વારા અન્ય જે ક્ષેત્રો નિશ્ચિત કરવામાં આવે તે ક્ષેત્રો–વિષયોમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે સેવાઓ આપશે.
- ડો. હસમુખ અઢિયાનો કાર્યકાળ મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળની અવધી સુધી અથવા તો અન્ય આદેશો ના થાય ત્યાં સુધી.... આ બેમાંથી જે વ્હેલું હશે ત્યાં સુધીનો રહેશે.
- મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત થતા ડો. હસમુખ અઢિયાને જરૂરી સ્ટાફ–મહેકમ તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવશે.

## મુખ્યમંત્રીના સલાહકાર

શ્રી એસ. એસ. રાઠૌરની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સલાહકાર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

- તેઓ મુખ્યમંત્રીશ્રીના સલાહકાર તરીકે માર્ગ–મકાન, નાગરિક ઉડ્ડયન, મેટ્રો રેલ પ્રોજેક્ટ અને રેલ્વેઝ, જળસંપત્તિ, નર્મદા અને કલ્પસર વિષયોમાં પોલિસી સંબંધિત મોનિટરીંગ અને પોલિસી સંદર્ભના કામકાજ માટે સલાહકારની ફરજ બજાવશે.
- તેમનો કાર્યકાળ મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી... આ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીનો રહેશે.

## શ્રી હસમુખ અઢિયા

શ્રી હસમુખ અઢિયા 1981ની બેચના ગુજરાત કેડરના IAS ઓફિસર છે.



- નવેમ્બર 2018માં તેઓ કેન્દ્ર સરકારના નાણા વિભાગના સચિવના પદ પરથી નિવૃત્ત થયા હતા.
- તેઓ હાલમાં બેંક ઓફ બરોડાના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન છે અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર પણ છે.
- નાણા અને મહેસૂલ સચિવ તરીકે તેમણે ભારતમાં GSTના સફળ અમલીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## શ્રી એસ. એસ. રાઠૌર



શ્રી એસ. એસ. રાઠૌરનું પૂરું નામ શ્રી સત્યનારાયણસિંહ શિવસિંહ રાઠૌર છે.

- તેઓ ગુજરાત ઈજનરી સેવાના અધિકારી છે.
- તેઓએ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ તેમજ જળસંપત્તિ વિભાગમાં સચિવ તરીકે સેવા આપી વર્ષ 2014માં અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા હતા.
- વર્ષ 2018માં આંતરમાળખાકીય વિકાસના યોગદાન માટે 'પદ્મ શ્રી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- તેમણે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પાંચ વર્ષ સેવા આપી હતી.
- ગુજરાતના મુખ્ય રાજમાર્ગોને વિકસાવવાનો શ્રેય તેમને જાય છે. તેમણે બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર (BOT) રોડ ડેવલપમેન્ટ મોડલ રજૂ કર્યુ હતું, તે ભારતમાં આ પ્રકારનું સૌપ્રથમ મોડેલ છે.
- તેઓ ગુજરાતના 'હાઈવે અને કેનાલ મેન' તરીકે પણ પ્રસિદ્ધ છે.
- તેઓ જુલાઈ 2019થી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. અને મેટ્રો ફેઝ-1નું કામ તેમના માર્ગદર્શનમાં પૂર્ણ કરાયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ





તાજેતરમાં 15મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક કરવામાં આવી હતી.

- ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરસિંહ ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે.
- જ્યારે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી શંકર ચૌધરી બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક પરથી ચૂંટાયા હતા.
- જ્યારે શ્રી જેઠાભાઈ ભરવાડ પંચમહાલની શહેરા બેઠક પરથી ચૂંટાયા હતા.

### વિધાન સભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 178માં વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- રાજ્ય વિધાનસભાના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને ગૃહના અધ્યક્ષ અને એક સભ્યને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરે છે.

## શપથ

વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે હોદ્દાના શપથ લેવાના હોતા નથી, કારણ કે તેમણે ગૃહના સભ્ય તરીકે શપથ લીધા હોય છે.

## પગાર અને ભથ્થાં

બંધારણના <u>અનુચ્છેદ-186</u> અનુસાર વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના <u>પગાર અને ભથ્થા</u> રાજ્ય વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે.

- વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર રાજ્યની <u>સંચિત નિધિ અથવા તો રાજ્યના એકત્રિત ફંડ કે રાજ્યના એકીકૃત ભંડોળ (Consolidated Fund)</u> ખાતે ઉધારવામાં આવે છે.

## રાજીનામું

બંધારણના <u>અનુચ્છેદ 179(B)</u> અનુસાર વિધાનસભાના અધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું ઉપાધ્યક્ષને આપે છે અને ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું અધ્યક્ષને આપે છે.

## અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ ખાલી પડવાના સંજોગો

ભારતીય બંધારણના અનુચ્છેદ 179 મુજબ નીચેના સંજોગોમાં વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષનું પદ ખાલી પડે છે :

(a) જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપે.

(b) જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ વિધાનસભામાં સભ્યપદ ગુમાવે.

(c) જો ગૃહના સભ્યો 14 દિવસ અગાઉ નોટિસ આપી અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવાનો ઠરાવ વાસ્તવિક બહુમતીથી એટલે કે રાજ્ય વિધાનસભાના કુલ સભ્યોમાંથી રાજીનામું, મૃત્યુ કે અન્ય કારણોથી ખાલી પડેલી જગ્યા બાદ કરીને વધેલા સભ્યોની બહુમતીથી પસાર કરે તો તેવા સંજોગોમાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે પોતાનું પદ છોડવું પડે છે.

**નોંધ :** જ્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સામે આવા ઠરાવ અંગે ગૃહમાં કાર્યવાહી કરવાની હોય ત્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ ગૃહની અધ્યક્ષતા કરી શકતા નથી. પરંતુ આ કાર્યવાહી દરમિયાન તેમને બોલવાની અને સામાન્ય સભ્ય તરીકે મત આપવાની સત્તા છે.

## કાર્યો અને સત્તાઓ

વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના મુખ્ય કાર્યો તેમજ સત્તાઓ નીચે મુજબ છે :

(1) અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહ (વિધાનસભા)નું સંચાલન કરે છે અને ગૃહની વ્યવસ્થા જાળવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહમાં સભ્યોને ભાષણ આપવાની પરવાનગી આપે છે અને તે માટેનો સમય પણ નિર્ધારિત કરે છે.

(3) વિધાનસભા દ્વારા નીમવામાં આવતી સમિતિની નિમણૂક અધ્યક્ષ કરે છે અને મહત્વની સમિતિમાં પોતે પણ અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરે છે.

(4) બંધારણની અનુસૂચિ 10 અંતર્ગત ગૃહના કોઈ સભ્ય વિરુદ્ધ પક્ષ પલટાની ફરિયાદ આવે તો તે અંગેનો અંતિમ નિર્ણય વિધાનસભાના અધ્યક્ષનો રહે છે.

(5) સામાન્ય સંજોગોમાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીમાં મત આપી શકતા નથી, પરંતુ જ્યારે કોઈ ઠરાવ પર મતભેદ ઊભો થાય ત્યારે તેઓ 'નિર્ણાયક મત' આપી શકે છે.

(6) અધ્યક્ષ ગૃહના સભ્યોમાંથી એક પેનલ (નામની યાદી) બનાવે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં આ પેનલમાંથી કોઈપણ સભ્ય વિધાનસભાની અધ્યક્ષતા કરી શકે છે. જ્યારે તેમાંથી કોઈ અધ્યક્ષ બને ત્યારે તેમને અધ્યક્ષ જેટલી જ સત્તાઓ મળે છે.

**નોંધ :** (1) વિધાનસભામાં કોરમ (ગણપૂર્તિ) માટે ગૃહની કુલ સભ્ય સંખ્યાના 1/10 સભ્યો અથવા ઓછામાં ઓછા 10 સભ્યોની હાજરી બેમાંથી જે વધારે હોય તેટલી જરૂરી છે. જો આ શરત મુજબની સભ્યસંખ્યા ન થાય તો અધ્યક્ષ ગૃહની કાર્યવાહીની મંજૂરી આપતા નથી.

(2) ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી કલ્યાણજી વી મહેતા હતા.

(3) ગુજરાત વિધાનસભાના પ્રથમ કાર્યકારી અધ્યક્ષ શ્રી મનુભાઈ પાલખીવાળા હતા.

(4) ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય હતા.



**1.** કયા દિવસના રોજ 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર **(D)**

**2.** તાજેતરમાં 'BF.7' શબ્દ ચર્ચામાં રહ્યો છે. તે શું છે ?

(A) નેવીની ડીઝલ બોટ
(B) ISROનું ચંદ્ર 3નું રોવર
(C) કોરોના વાયરસનું વેરિએન્ટ
(D) મેલેરિયાની રસીનું વ્યાપારિક નામ **(C)**

**3.** તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી હસમુખ અઢિયા
(B) શ્રી મનસુખ અઢિયા
(C) શ્રી જીતેન્દ્ર અઢિયા
(D) શ્રી સંજય અઢિયા **(A)**

**4.** તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે શ્રી હસમુખ અઢિયાની નિમણૂક કરવામાં આવી છે. તથા મુખ્યમંત્રીશ્રીના અન્ય સલાહકાર તરીકે _____ ની નિમણૂક કરવામાં આવી છે.

(A) શ્રી સત્યનારાયણ સિંહ શિવસિંહ રાઠૌર
(B) શ્રી સત્યનારાયણ સિંહ શિવસિંહ ચૌધરી
(C) શ્રી સત્યનારાયણ સિંહ શિવસિંહ શેખાવત
(D) શ્રી સત્યનારાયણ સિંહ શિવસિંહ ગેહલોત **(A)**

**5.** તાજેતરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ભીખુસિંહ પરમાર
(B) શ્રી શંકરસિંહ ચૌધરી
(C) શ્રી પૂર્ણેશભાઈ મોદી
(D) શ્રી જીતુભાઈ ચૌધરી **(B)**

**6.** તાજેતરમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી જેઠાભાઈ ભરવાડ
(B) શ્રી રાઘવજીભાઈ પટેલ
(C) શ્રી કિરિટસિંહ રાણા
(D) શ્રી રૂશિકેશભાઈ પટેલ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ

## કાંકરિયા કાર્નિવલ - 2022




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતેથી 'કાંકરિયા કાર્નિવલ - 2022'નો શુભારંભ કરાવ્યો હતો.

- અમદાવાદના કાંકરિયા લેક પરિસર ખાતે 25 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે.
- આ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ થીમ હેઠળ કાંકરિયા કાર્નિવલનું આયોજન થયું છે.
- કોરોના મહામારીના 2 વર્ષ બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ કાર્નિવલનું આયોજન કર્યુ છે.
- કાર્નિવલ દરમિયાન મનોરંજન માટે દરરોજ જુદા–જુદા કાર્યક્રમો યોજાયા હતા.
- કાર્નિવલના સમાપન પ્રસંગે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ હેઠળ ગુજરાત સહિત ભારતના વિવિધ રાજ્યોની ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા લોક નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલની શરૂઆત વર્ષ 2008થી થઈ હતી.
- કાંકરિયા કાર્નિવલની શરૂઆત તે સમયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવી હતી.

નોંધ : (1) કાંકરિયા તળાવની રચના ઈ.સ.1451માં અમદાવાદના સ્થાપક અહમદશાહના પુત્ર કુતુબુદ્દીન અહમદશાહે કરાવી હતી.

(2) કાંકરિયાની સ્થાપના હૌજે કુતુબના નામે થઈ હતી. તેની વચ્ચે નગીનાવાડી પણ આવેલી છે.

(3) કાંકરિયા કિનારે ગુજરાતનો સૌથી મોટો પ્રાણી સંગ્રાહલય કમલા નહેરુ જીયોલોજીકલ પાર્ક આવેલ છે.

## બોમ્બ ચક્રવાત (Bomb Cyclone)

તાજેતરમાં બોમ્બ ચક્રવાતે (Bomb Cyclone) અમેરિકા અને કેનેડામાં ભારે તબાહી મચાવી હતી.

- બોમ્બ ચક્રવાતના કારણે લગભગ 40 થી વધુ વ્યક્તિના મૃત્યુ થયા છે.
- ભારે બરફ વર્ષાના કારણે ઘણા પ્રદેશોમાં વિજ પુરવઠો પણ બંધ છે. તથા રસતા, મકાન અને વાહનો બરફથી ઢંકાઈ ગયા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બોમ્બ ચક્રવાત

બોમ્બ ચક્રવાત એટલે કે એક વિસ્ફોટક ચક્રવાત.



- તે હવામાન સંબંધિત એક ઘટનાક્રમ છે. વાયુ મંડળમાં અચાનક દબાણ સિસ્ટમ સર્જાતા આવી સ્થિતિ સર્જાતી હોય છે.
- બોમ્બ ચક્રવાત એ એક તીવ્ર મધ્ય–અક્ષાંશ ચક્રવાત છે.
- તેના કેન્દ્રમાં હવાનું ઓછુ દબાણ હોય છે અને તેમાં ખરાબ હવામાન અને બરફના તોફાનોથી લઈને તીવ્ર વાવાઝોડા અને ભારે વરસાદ સુધીના હવામાનના ઘણા સ્વરૂપો જોવા મળે છે.
- બોમ્બ ચક્રવાતને આગાહી કરનારાઓ દ્વારા ઉચ્ચ ચેતવણી પર રાખવામાં આવે છે. કારણ કે તે અત્યંત નુકસાનકારક અસરો પેદા કરી શકે છે.

## રચના

તે ત્યારે રચાય છે જ્યારે ઠંડી હવાનો સમૂહ ગરમ હવાના જથ્થા સાથે અથડાય છે, જેમ કે ગરમ દરિયાના પાણી ઉપરની હવા.

- આવી ઝડપથી મજબૂત થતી હવામાન પ્રણાલીની રચના એ 'બોમ્બોજેનેસિસ' તરીકે ઓળખાતી પ્રક્રિયા છે.
- જ્યારે મધ્ય–અક્ષાંશ ચક્રવાત ઝડપથી વિકસે છે અને 24 કલાકમાં ઓછામાં ઓછા 24 મિલિબારનું દબાણ ઘટે છે ત્યારે તે રચાય છે.
- મિલીબાર વાતાવરણીય દબાણને માપે છે.
- તેનાથી બે હવાના સમૂહ વચ્ચેના દબાણનો તફાવત અથવા ઢાળ ઝડપથી વધે છે, જેના કારણે પવન વધુ મજબૂત બને છે.
- હવાના દબાણમાં ઝડપથી ઘટાડો થતા અચાનક ઝડપથી પવન ફુંકાવા લાગે છે.
- આ દરમિયાન ભારે બરફવર્ષા, વરસાદ, ઝડપી પવન અને આંધી ફૂંકાવા જેવી ઘટનાઓ બનતી હોય છે.
- સામાન્ય રીતે શિયાળામાં જ આવા ચક્રવાતનું સર્જન થતું હોય છે ક્યારેક અન્ય ઋતુમાં પણ તે આકાર લઈ શકે છે.

TET-1/2 LIVE + RECORDED BATCH
1 YEAR VALIDITY
વિભાગ 1 અને 2ની સંપૂર્ણ તૈયારી
iceonline એપ ડાઉનલોડ કરો
LIMITED TIME OFFER
Google Play

1. 'આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 26 ડિસેમ્બર (B) 27 ડિસેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર (B)

2. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં 'કાંકરિયા કાર્નિવલ-2022'નો શુભારંભ કરાવ્યો હતો. જેનું આયોજન _____ સુધીના સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું હતું.

(A) 25 ડિસેમ્બર થી 31 ડિસેમ્બર (B) 25 નવેમ્બર થી 31 નવેમ્બર

(C) 25 ડિસેમ્બર થી 15 જાન્યુઆરી (D) 25 ડિસેમ્બર થી 25 જાન્યુઆરી (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. ગુજરાતના કયા મુખ્યમંત્રીશ્રીના સમયગાળામાં 'કાંકરિયા કાર્નિવલ'નો પ્રારંભ થયો હતો ?

(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રીમતી આનંદીબેન પટેલ

(C) શ્રી કેશુભાઈ પટેલ (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D)

4. તાજેતરમાં અમેરિકા અને કેનેડામાં કયા ચક્રવાતે તબાહી મચાવી હતી. જેના કારણે ભારે બરફ વર્ષા, વરસાદ અને ઝડપી પવનના કારણે અસંખ્ય લોકોના મૃત્યુ થયા હતા ?

(A) Omine Cyclone (B) Bomb Cyclone

(C) Tyfun Cyclone (D) Winston Cyclone (B)

## AVGC Promotion Task Force Report




તાજેતરમાં સરકારને AVGC ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે 'એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ એન્ડ કોમિક્સ (AVGC) પ્રમોશન ટાસ્ક ફોર્સ'નો રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.

- AVGC ટાસ્ક ફોર્સની રચના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી અપુર્વ ચંદ્રાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

### મુખ્ય ભલામણો

4 શ્રેણીઓ હેઠળ વ્યાપક રીતે વર્ગીકૃત કરાયેલ ટાસ્ક ફોર્સની ભલામણો નીચે મુજબ છે :

### વૈશ્વિક વપરાશ માટે ઘરેલુ ઉદ્યોગ વિકાસ

- AVGC સેક્ટર સંકલિત પ્રમોશન અને વૃદ્ધિ માટે બજેટ ખર્ચ સાથે રાષ્ટ્રીય AVGC-XR મિશન બનાવવામાં આવશે.
- ભારતમાં, ભારત માટે અને વિશ્વ માટે સામગ્રી નિર્માણ પર વિશેષ ધ્યાન સાથે 'ક્રિએટ ઈન ઈન્ડિયા' અભિયાનની શરૂઆત.
- ભારતને AVGC માટે વૈશ્વિક હબ બનાવવાના ધ્યેય સાથે FDI, સહ–ઉત્પાદન સંધિઓ અને નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને એક ગેમિંગ એક્સ્પો સાથે આંતરરાષ્ટ્રીય AVGC પ્લેટફોર્મની સ્થાપના કરવી.
- AVGC સેક્ટર માટે કૌશલ્ય, શિક્ષણ, ઉદ્યોગ વિકાસ અને નવીનતામાં આંતરરાષ્ટ્રીય સંદર્ભ બિંદુ બનવા માટે AVGC ક્ષેત્ર માટે નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)ની સ્થાપના કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ડેમોગ્રાફિક ડિવિડન્ડની અનુભૂતિ કરવા માટે ટેલેન્ટ ઈકોસિસ્ટમ વિકસાવવી

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના લાભો શાળા કક્ષાએ AVGC કોર્સ સામગ્રી સાથે સર્જનાત્મક વિચારસરણી વિકસાવવા અને કારકિર્દી વિકલ્પ તરીકે AVGC વિશે જાગૃતિ લાવવા માટે પાયાના કૌશલ્યનું નિર્માણ કરવું.
- અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક ડિગ્રીઓ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા માન્ય અભ્યાસક્રમ પણ સૂચવામાં આવ્યો છે.
- નોન–મેટ્રો શહેરો અને પૂર્વોત્તર રાજ્યોના વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો અને શોષણ સુનિશ્ચિત કરવા માટે ઉદ્યોગની ભાગીદારી વધારવી.
- અટલ ટિંકરિંગ લેબ્સની તર્જ પર શૈક્ષણિક સંસ્થાઓમાં AVGC એક્સિલરેટર્સ અને ઈનોવેશન હબની સ્થાપના કરવી.

## ભારતીય AVGC ઉદ્યોગ માટે ટેક્નોલોજી અને નાણાકીય સદ્ધરતા વધારવી

MSME, સ્ટાર્ટઅપ અને સંસ્થાઓ માટે સબ્સ્ક્રિપ્શન–આધારિત કિંમત નિર્ધારણ મોડલને પ્રોત્સાહન આપીને AVGC તકનીકોનું લોકશાહીકરણ કરવું.

- <u>સંશોધન અને વિકાસ તથા IP નિર્માણ</u> માટે પ્રોત્સાહક યોજનાઓ દ્વારા ભારતમાં AVGC તકનીકોનું ઉત્પાદન કરવું. તથા AVGC હાર્ડવેર ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા માટે <u>PLI યોજનાનું મૂલ્યાંકન</u> કરવું.
- AVGC વિસ્તારમાં વેપાર કરવાની સરળતા એટલે કે કર લાભો, આયાત ડ્યૂટી, ચાંચિયાગીરી પર અંકુશ વગેરે.
- સંશોધન અને વિકાસ તથા સ્થાનિક IP નિર્માણની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે AVGC સાહસિકોને ટેકનિકલ, નાણાકીય અને માર્કેટ એક્સેસ સપોર્ટ પૂરો પાડવા માટે <u>સ્ટાર્ટ–અપ ઈન્ડિયા</u>નો લાભ લેવો.

## સર્વસમાવેશક વૃદ્ધિ દ્વારા ભારતના શોફ્ટ પાવર (નરમ શક્તિ) વધારવો

- ભારતીય સંસ્કૃતિ અને વારસાને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર ભારતમાંથી ઘરેલુ સામગ્રી માટે સમર્પિત ઉત્પાદન ભંડોળની સ્થાપના કરવી.
- બ્રોડકાસ્ટર્સ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની સ્વદેશી સામગ્રી માટે આરક્ષણનું મૂલ્યાંકન કરવું જોઈએ.
- સમાવિષ્ટ ભારત માટે <u>ભારતના ટિયર-2 અને 3 નગરો અને ગામડાઓમાં</u> યુવાનો માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગની પહોંચને લક્ષ્યાંકિત કરવું.
- AVGC ક્ષેત્રમાં <u>મહિલા સાહસિકો</u> માટે વિશેષ પ્રોત્સાહનો સ્થાપિત કરવા.
- ડિજિટલ વિશ્વમાં <u>બાળ અધિકારો</u>ના રક્ષણની ખાતરી કરવા માટે એક માળખુ સ્થાપિત કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં AVGC સેક્ટરની સ્થિતિ

ભારતમાં <u>AVGC સેક્ટર</u>માં તાજેતરના સમયમાં અસાધારણ વૃદ્ધિ દર જોવા મળ્યો છે, જેમાં ઘણા વૈશ્વિક એજન્ટો સેવાઓની અપતટીય ડિલિવરીનો લાભ લેવા ભારતીય સેક્ટરમાં પ્રવેશ્યા છે.

- વધુમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગ વર્ષ <u>2026</u> સુધીમાં <u>8.8%</u>ના <u>CAGR</u> પર વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે.
- નિષ્ણાતોના મતે મીડિયા અને મનોરંજન ઉદ્યોગ હેઠળના AVGC સેક્ટરમાં આગામી દાયકામાં <u>14-16% વૃદ્ધિ</u> થવાની ધારણા છે.
- AVGC સેક્ટરમાં ઉચ્ચ સ્તરીય, કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ માટે ભારત પ્રાથમિક સ્થળ તરીકે ઉભરી રહ્યું છે.
- AVGC ક્ષેત્ર એ મીડિયા અને મનોરંજન ક્ષેત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જે ભારતીય અર્થતંત્રના મહત્વપૂર્ણ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.

## નેપાળના નવા વડાપ્રધાન : શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'



શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' નેપાળના નવા વડાપ્રધાન બન્યા છે.

- નેપાળના રાષ્ટ્રપતિ સુશ્રી વિદ્યા દેવી ભંડારીએ 26 ડિસેમ્બર, 2022ના રોજ શ્રી પુષ્પ કમલ દહલને વડાપ્રધાન તરીકેના શપથ અપાવ્યા હતા.
- તેઓ બહુમતી સાથે વડાપ્રધાન તરીકે નિયુક્ત થયા હોવા છતા તેમણે નેપાળના બંધારણની કલમ 76 (4) મુજબ 30 દિવસમાં નીચલા ગૃહમાં વિશ્વાસનો મત સાબિત કરવો પડશે.
- શ્રી પુષ્પ કમલ દહલ 'Communist Party Of Nepal - CPL (Maoist Center) રાજકીય પક્ષ સાથે સંકળાયેલ છે.
- તેમણે અન્ય પાર્ટીઓ સાથે મળીને ગઠબંધનવાળી સરકાર બનાવી છે.

નોંધ : (1) નેપાળના વર્તમાન રાષ્ટ્રપતિ સુશ્રી વિદ્યા દેવી ભંડારી છે.

(2) નેપાળની રાજધાની કાઠમંડુ છે તથા તેમનું ચલણ નેપાળી રૂપિયો છે.

(3) કાઠમંડુમાં રાષ્ટ્રપતિના કાર્યાલય શીતલ નિવાસ ખાતે આયોજિત એક વિશેષ સમારોહમાં વડાપ્રધાન સાથે કુલ આઠ કેન્દ્રીય મંત્રીઓએ પણ શપથ લીધા હતા.



1. તાજેતરમાં AVGC ટાસ્ક ફોર્સ ચર્ચામાં હતું. આ AVGCનું પૂરું નામ જણાવો ?

(A) Animation, Visual Effects, Gramin and Comics

(B) Animation, Visual Effects, Gaming and Comics

(C) Animation, Visual Effects, Growth and Comics

(D) Animation, Visual Effects, Gross and Comics (B)

2. તાજેતરમાં સરકારને 'AVGC Promotion Task Force Report' સોંપવામાં આવ્યો હતો. જે AVGC ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સંબંધિત હતો. આ AVGC ટાસ્ક ફોર્સની રચના કોની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી ?

(A) Anurag Thakor (B) Apurva Chandra

(C) Hasmukh Adhiya (D) Rajiv Gupta (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' કયા દેશના વડાપ્રધાન બન્યા છે ?

(A) મ્યાનમાર (B) ભૂટાન (C) માલદીવ (D) નેપાળ (D)




## પ્રલય મિસાઈલ (Pralay Missile)

તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે સ્વદેશી 'શોર્ટ–રેન્જ બેલેસ્ટિક સરફેસ–ટુ–સરફેસ' (SRBM) મિસાઈલ પ્રલયની ખરીદીને મંજૂરી આપી છે.

- સંરક્ષણ મંત્રાલયે ભારતીય સશસ્ત્રો દળો માટે 120 પ્રલય બેલેસ્ટિક મિસાઈલોની ખરીદીને મંજૂરી આપી છે.
- આ મિસાઈલો આંતરરાષ્ટ્રીય સરહદો પર તૈનાત કરવામાં આવશે.
- વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સરહદોની તકેદારી વધારવાની સાથે ભારત ભારતીય સશસ્ત્ર દળોને સતત મજબૂત કરી રહ્યું છે.
- આ માટે દળોમાં મોટા પાયે આધુનિક તકનીકી પ્રણાલીઓને સામેલ કરવામાં આવી રહી છે.

### પ્રલય મિસાઈલ



પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.

- તે ઉત્તર અથવા પશ્ચિમ સરહદોથી કોઈપણ પરંપરાગત મિસાઈલ હુમલાનો જવાબ આપવા સક્ષમ છે.
- અર્ધ–બેલિસ્ટિક મિસાઈલનો માર્ગ ટૂંકો હોય છે. અને જોકે તે મોટા ભાગે બેલિસ્ટિક મિસાઈલ જેવી જ હોય છે.
- તે ઉડાન દરમિયાન 'મનૂવર/દત્વપેચ' (Maneuver) કરવામાં સક્ષમ છે.
- આ મિસાઈલને એવી રીતે વિકસાવવામાં આવી છે કે તે ઈન્ટરસેપ્ટર મિસાઈલને હરાવવામાં સક્ષમ છે.
- અને હવામાં ચોક્કસ રેન્જને આવરી લીધા બાદ તેનો માર્ગ બદલવાની ક્ષમતા પણ ધરાવે છે.
- તે ઘન પ્રોપેલન્ટ રોકેટ મોટર અને ઘણી નવી ટેક્નોલોજી દ્વારા સંચાલિત છે.
- મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
- પ્રલય મિસાઈલની રેન્જ 150 થી 500 કિ.મી. સુધીની છે.
- તે 350 થી 700 કિગ્રા સુધીના પરંપરાગત ઓર્ડનન્સ વહન કરવામાં સક્ષમ છે.
- આ મિસાઈલ મોબાઈલ લોન્ચરથી પણ લોન્ચ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE

## મહત્વ

તે વ્યૂહાત્મક યુદ્ધક્ષેત્રની ગતિશીલતાને સંપૂર્ણપણે બદલી નાખશે. અને ભારત પાસે બે લાંબા અંતરની પરંપરાગત મિસાઈલો હશે.

- 'બ્રહ્મોસ' ક્રૂઝ મિસાઈલનો વિકલ્પ હશે, જ્યારે 'પ્રલય' બેલિસ્ટિક મિસાઈલનો વિકલ્પ હશે.
- પ્રલય એ બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ સાથે ભારતની આયોજિત 'રોકેટ ફોર્સ' યોજનાનો આધાર બનાવશે.

# ઇ-સ્પોર્ટ્સ (E-Sports)



તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ 'ઈ–સ્પોર્ટ્સ' (E- Sports)ને સંચાલન કરતા નિયમોમાં સુધારો કર્યો હતો.

- અને વિનંતી કરી હતી કે રમત મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય મલ્ટી–સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં 'ઈ–સ્પોર્ટ્સ'નો સમાવેશ કરે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ-77(3) હેઠળ આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરીને ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આ નિર્ણય આપ્યો છે.
- નોંધનીય છે કે રાષ્ટ્રપતિને બંધારણના અનુચ્છેદ 77(3) હેઠળ ભારત સરકારના કારોબારના વધુ અનુકૂળ વ્યવહાર માટે અને ઉક્ત વ્યવસાયના મંત્રીઓ વચ્ચે ફાળવણી માટે નિયમો બનાવવા માટેની સત્તા આપવામાં આવી છે.
- ગેઝેટ નોટિફિકેશન મુજબ 'ઈ–સ્પોર્ટ્સ' હવે ભારતમાં 'મલ્ટી સ્પોર્ટ્સ ઈવેન્ટ' શ્રેણીનો એક ભાગ હશે.

## ઇ-સ્પોર્ટ્સ શું છે ?

ઈ–સ્પોર્ટ્સનો અર્થ 'ઈલેક્ટ્રોનિક સ્પોર્ટ્સ' છે. જેનો ગુજરાતીમાં અર્થ ઈલેક્ટ્રોનિક રમત થાય છે.

- તે એક સ્પર્ધાત્મક રમત છે જ્યાં રમનારાઓ વર્ચ્યુઅલ, ઈલેક્ટ્રોનિક વાતાવરણમાં વિવિધ રમતોમાં સ્પર્ધા કરવા માટે તેમની શારીરિક અને માનસિક ક્ષમતાઓનો ઉપયોગ કરે છે.
- ઉદાહરણ તરીકે..... DOTA 2, ફોર્ટનાઈટ, કાઉન્ટર સ્ટ્રાઈક, Call of Duty, Valorant, લીગ ઓફ લિજેન્ડ્સ વગેરેનો સમાવેશ થાય છે.
- વર્ષ 2018ની જકાર્તા એશિયન ગેમ્સમાં ઈ–સ્પોર્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો ત્યારથી બહુશાખીય ઈવેન્ટ્સમાં 'ઈ–સ્પોર્ટ્સ'નો સમાવેશ કરવાની માંગ વધી રહી છે.

- ભારતે 2018 એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જ્યાં પ્રદર્શન શીર્ષક તરીકે ઈ–સ્પોર્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ઈ–સ્પોર્ટ્સને લોકપ્રિય બનાવવાના પ્રયાસરૂપે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)એ જૂન 2023માં સિંગાપોરમાં ઓલિમ્પિક ઈ–સ્પોર્ટ્સ સપ્તાહના ઉદ્દઘાટનમાં ઈ–સ્પોર્ટ્સનો સમાવેશ કરવાની જાહેરાત કરશે તેવી પૃષ્ટી કરી છે.

## નોડલ મંત્રાલય

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય ઓનલાઈન ગેમિંગ સંબંધિત બાબતો માટે નોડલ એજન્સી હશે.

- તથા યુવા બાબતો અને રમત મંત્રાલય હેઠળના રમત–ગમત વિભાગ દ્વારા ધ્યાન રાખવામાં આવશે.

નોંધ : (1) ઈ–સ્પોર્ટ્સના જન્મ સ્થળ તરીકે દક્ષિણ કોરિયા 2000મા સત્તાવાર રીતે ઈ–સ્પોર્ટ્સને માન્યતા આપનારો પ્રથમ દેશ હતો.

(2) અત્યાર સુધીમાં ચીન, યુએસએ, ફિનલેન્ડ, જર્મની, રશિયા, યુક્રેન, થાઈલેન્ડ અને પાકિસ્તાન જેવા દેશોએ સત્તાવાર રીતે ઈ–સ્પોર્ટ્સને માન્યતા આપી છે.

(3) આ ઉપરાંત ઈટાલી, બ્રાઝિલ, નેપાળ, ઈન્ડોનેશિયા, તુર્કમેનિસ્તાન, મેસેડોનિયા, શ્રીલંકા, દ.આફ્રિકા, સર્બિયા, ઉઝબેકિસ્તાન અને જ્યોર્જિયા જેવા દેશોએ પણ ઈ–સ્પોર્ટ્સને નિયમિત રમત તરીકે માન્યતા આપી છે.

## 'માંગદેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક' પાવર પ્રોજેક્ટ ભૂટાનને સોંપવામાં આવ્યો



720 મેગાવોટનો માંગદેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (Mangdechhu Hydroelectric Power Project), જે ભારતની સહાયથી અમલમાં આવ્યો હતો.

- તેને તાજેતરમાં ભૂટાનમાં ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશન (DGPC)ને સોંપવામાં આવ્યો હતો.
- આ હેન્ડઓવર સાથે બંને દેશોએ ચાર મોટા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.
- 720 મેગાવોટનો માંગદેછુ (અથવા માંગડેછુ) હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ વર્ષ 2019માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમના ભૂટાનના સમકક્ષ લોટે શેરિંગ દ્વારા સંયુક્ત રીતે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
- આ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટના નિર્માણ માટે ભારત સરકારે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડી છે.

- આ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટના કમિશનિંગ સાથે ભૂટાનની વીજળી ઉત્પાદન ક્ષમતામાં 44 ટકાનો વધારો થયો છે અને હાલમાં તે 2,326 મેગાવોટ છે.
- ચાલુ થયા પછી પ્રોજેક્ટે 9,000 મિલિયન યુનિટથી વધુ ઊર્જા ઉત્પન્ન કરી છે, જે દર વર્ષે 2.4 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયો છે.
- આ પ્રોજેક્ટે 2020માં દેશની હાઈડ્રોપાવર આવકમાં 31 ટકાનો વધારો કર્યો હતો. તેણે 2021માં ભારતમાં 12.13 અબજ રૂપિયાની નિકાસ કરી છે.
- આ સાથે ભૂટાનની વીજળીની નિકાસ વધીને 24.43 અબજ રૂપિયા થઈ ગઈ છે.

## અમૃત ભારત સ્ટેશન યોજના (Amrit Bharat Station Scheme)

કેન્દ્રીય રેલવે મંત્રાલયે સમગ્ર ભારતમાં રેલવે સ્ટેશનના આધુનિકીકરણ માટે AMRIT ભારત સ્ટેશન યોજના નામની નવી યોજના શરૂ કરી છે.

- અમૃત ભારત સ્ટેશન યોજના લાંબાગાળાના વિઝન સાથે સતત ધોરણે સ્ટેશનોના વિકાસની કલ્પના કરે છે.

### અમૃત ભારત સ્ટેશન યોજનાના ઉદ્દેશ્યો

અમૃત ભારત સ્ટેશન યોજનાના કેટલાંક વ્યાપક ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

(1) ન્યૂનતમ આવશ્યક સુવિધાઓથી વધુ સુવિધાઓ વધારવા અને લાંબા ગાળે સ્ટેશન પરિસરમાં રૂફ પ્લાઝા અને સિટી સેન્ટર બનાવવા માટે રેલવે સ્ટેશનોના માસ્ટર પ્લાનની તૈયારી અને અમલીકરણ.

(2) ભંડોળની ઉપલબ્ધતા અને પરસ્પર અગ્રતાના આધારે તમામ હિતધારકોની જરૂરિયાતોને પહોંચી વળવું.

(3) આ યોજના હાલની સુવિધાઓના અપગ્રેડેશન અને રિપ્લેસમેન્ટ તેમજ નવી સુવિધાઓની શરૂઆતને પૂરી કરશે.

(4) તે એ સ્ટેશનોને આવરી લેશે જે વિગતવાર તકનીકી–આર્થિક સંભવિતતા અભ્યાસમાંથી પસાર થયા છે. જોકે આ સ્ટેશનોમાં રૂફ પ્લાઝા નજીકના ગાળામાં બાંધવામાં આવશે નહીં કારણ કે સ્ટ્રક્ચર્સ અને યુટિલિટીઝની પુનઃ ફાળવણીને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

- આ યોજના રેલવે સ્ટેશનોની જરૂરિયાતો અને સમર્થનના આધારે લાગુ કરવામાં આવશે. આ યોજના હેઠળ 1000થી વધુ સ્ટેશનો માટે માળખાકીય વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.

### કાર્યક્ષેત્ર

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળના કાર્યક્ષેત્ર નીચે મુજબ છે :

## પ્લેટફોર્મ

આ યોજના હેઠળ રેલવે સ્ટેશનોની તમામ શ્રેણીઓ માટે ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મનું વિતરણ કરવામાં આવશે.

- આ પ્લેટફોર્મ પર ડ્રેનેજ સુવિધાઓને બહેતર બનાવવામાં આવશે, જેમાં સૌંદર્યલક્ષી રીતે ડિઝાઈન કરાયેલા એન્ટિ–થેફ્ટ કવર્સથી ગટોરોને આવરી લેવાનો સમાવેશ થાય છે.

## ઈન્ટરનેટ કનેક્ટિવિટી

રેલવે સ્ટેશનના ઉપયોગકર્તાઓને ફ્રી વાઈ–ફાઈ સુવિધા આપવામાં આવશે.

- આ માસ્ટર પ્લાનમાં 5G ટાવર ઈરેક્શન પણ સામેલ છે.

## મલ્ટી-ડિઝાઈન ફર્નિચર

વેઈટિંગ રૂમ, પ્લેટફોર્મ, રિટાયરિંગ રૂમ અને ઓફિસમાં હાલના ફર્નિચરની સમીક્ષા કરવામાં આવશે.

- જો જરૂર હોય તો ફર્નિચરને વધુ આરામદાયક અને ટકાઉ બનાવવા માટે બદલવામાં આવશે.

## સર્વસમાવેશકતા

દિવ્યાંગજનોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રેલવે સ્ટેશનો પર સુવિધાઓ હશે.

- દિવ્યાંગજનો માટે તમામ કેટેગરીના સ્ટેશનો પર પર્યાપ્ત સંખ્યામાં શૌચાલય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ટકાઉપણુ

ભંડોળની ઉપલબ્ધતા અને હાલની સંપત્તિઓની સ્થિતિના આધારે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ઉકેલો તરફ ધીમે ધીમે શિફ્ટ થવાના પ્રયાસો કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે ભારતીય સશસ્ત્રો દળો માટે 'પ્રલય મિસાઈલ' (Pralay Missile)ની ખરીદીને મંજૂરી આપી છે. આ 'પ્રલય મિસાઈલ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
   2. આ રોકેટના એન્જિનનું નિર્માણ દક્ષિણ કોરિયા દ્વારા કરવામાં આવ્યું છે.
   3. મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
   4. પ્રલય મિસાઈલની રેન્જ 150 થી 500 કિ.મી. સુધીની છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3 (A)

2. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત આપવામાં આવેલી રાષ્ટ્રપતિની સત્તાનો ઉપયોગ કરીને 'ઈ–સ્પોર્ટ્સ' (E-Sports)ને સંચાલન કરતા નિયમોમાં સુધારો કર્યો હતો ?

   (A) અનુચ્છેદ - 61(3) (B) અનુચ્છેદ - 72(3)
   (C) અનુચ્છેદ - 77(3) (D) અનુચ્છેદ - 88(3) (C)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ ભૂટાનના 'માંગદેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક' (Mangdechhu Hydroelctric Power Project) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. આ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ 720 મેગાવોટનો છે.
   2. તેના નિર્માણ માટે ભારત સરકારે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડી છે.
   3. તેને તાજેતરમાં ભૂટાનમાં ડ્રક ગ્રીન પાવર કોર્પોરેશન (DGPC)ને ભારત દ્વારા સોંપવામાં આવ્યો હતો.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અમૃત ભારત સ્ટેશન' યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   (A) રેલવે મંત્રાલય દ્વારા સમગ્ર ભારતમાં રેલવે સ્ટેશનોના આધુનિકીકરણ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

   (B) અમૃત ભારત સ્ટેશન યોજના લાંબાગાળાના વિઝન સાથે સતત ધોરણે સ્ટેશનોના વિકાસની કલ્પના કરે છે.

   (C) (A) અને (B) બંને સાચા

   (D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# તેલંગાણામાં ભદ્રાચલમ જૂથના મંદિરોમાં 'તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ' પ્રોજેક્ટ

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તેલંગાણામાં ભદ્રાચલમ જૂથના મંદિરોમાં 'તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ' પ્રોજેક્ટનો શિલાયન્સ કર્યો હતો.

- રુદ્રેશ્વર (રામપ્પા મંદિર) ખાતે 'તીર્થસ્થાન અને હેરિટેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ' નામના અન્ય પ્રોજેક્ટનો પણ પાછળથી સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ બંને પ્રોજેક્ટને પ્રવાસન મંત્રાલય, ભારત સરકારની પ્રસાદ યોજના હેઠળ મંજૂરી આપવામાં આવી છે.

## મંદિરોની મુખ્ય વિશેષતાઓ

### ભદ્રાચલમ મંદિરોનું જૂથ

ભદ્રાચલમ ખાતેનું મંદિર 350 વર્ષથી જૂનું હોવાનું કહેવાય છે.

- અને તે મહાકાવ્ય રામાયણ સાથે સંબંધિત છે.
- એવું માનવામાં આવે છે કે ભગવાન શ્રી રામે સિતામાતા અને ભાઈ શ્રી લક્ષ્મણ સાથે તેમના 14 વર્ષના વનવાસનો કેટલોક ભાગ ભદ્રચલમ મંદિર નજીક દંડકારણ્ય જંગલના એક ભાગ પરનાસલ નામના ગામમાં વિતાવ્યો હતો. મંદિરોનો આ સમૂહ ગોદાવરી નદીના ડાબા કિનારે આવેલ છે.

### રુદ્રેશ્વર મંદિર



રુદ્રેશ્વર મંદિર તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત છે.

- રુદ્રેશ્વર મંદિરનું નિમાર્ણ ઈ.સ. 1213માં કાકતીય સામ્રાજ્યના શાસનકાળમાં કાકતીય રાજા શ્રી ગણપતિ દેવના એક સેનાપતિ શ્રી રેચારલા રુદ્રએ કરાવ્યું હતું. આ મંદિરમાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે.
- આ મંદિરને 'રામપ્પા મંદિર' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનું નામ શિલ્પકારના નામ પરથી રાખવામાં આવ્યું છે જેમણે 40 વર્ષ સુધી આ મંદિરમાં કામ કર્યુ હતું.
- આ મંદિર છ ફૂટ ઉંચુ તારા જેવા પ્લેટફોર્મ પર ઉભુ છે, જેમાં દિવાલો, થાંભલાઓ અને છત પર જટિલ કોતરણી કરવામાં આવી છે. જે કાકતિય શિલ્પકારોની અનન્ય કુશળતાને પૃષ્ટિ આપે છે.
- તેના પાયા 'સેન્ડબોક્સ ટેકનોલોજી' દ્વારા બનાવવામાં આવ્યા છે, જેમાં ફ્લોર ગ્રેનાઈટ પથ્થરો અને બેસાલ્ટ ખડકોથી બનેલા થાંભલાઓ સાથે છે.
- મંદિરનો નીચલો ભાગ લાલ રેતીના પથ્થરથી બનેલો છે. જ્યારે 'સફેદ ગોપુરમ' પ્રકાશ ઈંટોથી બનેલો છે.

- વર્ષ 2021માં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં રૂદ્રેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નોંધ : (1) પર્યટન મંત્રાલય દ્વારા વર્ષ 2014-15માં ઓળખાયેલા તીર્થથળોના સર્વગ્રાહી વિકાસના ઉદ્દેશ્ય સાથે National Mission on Pilgrimage Rejuvenation and Spiritual Augmentation Drive (Prasad) યોજના કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2017માં નામ બદલીને 'National Mission on Pilgrimage Rejuvenation and Spiritual Heritage Augmetation Drive (PRASHAD) રાખવામાં આવ્યું હતું.

## 10 સૂત્રી શાંતિ યોજના : યુક્રેન

યુક્રેનના રાષ્ટ્રપતિ શ્રી વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે '10 સૂત્રીય શાંતિ યોજના'ની રૂપે રેખા આપી છે.

- તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુક્રેનને રાષ્ટ્રપતિ સાથે ભારતની G20ની અધ્યક્ષતા અને '10 સૂત્રીય શાંતિ યોજના' પર ચર્ચા કરવા માટે વાતચીત કરી હતી.

### યુક્રેનની 10 સૂત્રીય શાંતિ યોજના

#### (1) વિકિરણ અને પરમાણુ સુરક્ષા

યુક્રેનમાં યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ઝાપોરિઝિયાની આસપાસ સુરક્ષા પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જે હવે રશિયન નિયંત્રણ હેઠળ છે.

#### (2) ખાદ્ય સુરક્ષા

તેમાં યુક્રેનથી વિશ્વના સૌથી ગરીબ દેશોમાં અનાજની નિકાસ અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.

#### (3) ઊર્જા સુરક્ષા

રશિયન ઊર્જા સંસાધનો પરના ભાવ નિયંત્રણો પર ધ્યાન કેન્દ્રિત કરવું, તેમજ યુક્રેનને તેની વીજળીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવું, જેમાંથી અડધાને રશિયન આક્રમણથી નુકસાન થયું હતું. તે પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવી.

#### (4) યુદ્ધના તમામ કેદીઓ અને દેશનિકાલ કરાયેલા લોકોની મુક્તિ

ઝેલેન્સકીએ યુદ્ધના તમામ કેદીઓને અને રશિયા દ્વારા દેશનિકાલ કરાયેલા લોકોને મુક્ત કરવાની હાકલ કરી છે.

## (5) સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનો અમલ અને પ્રાદેશિક અખંડિતતાની પુનઃસ્થાપના

યુક્રેનની પ્રાદેશિક અખંડિતતાને પુનઃસ્થાપિત કરવી અને યુનાઈટેડ નેશન્સ ચાર્ટર અનુસાર રશિયા દ્વારા તેની પુષ્ટિ કરવી.

## (6) રશિયન સૈનિકોની વાપસી અને દુશ્મનાવાટનો અંત

ઝેલેન્સકીએ યુક્રેનિયન પ્રદેશમાંથી તમામ રશિયન સૈનિકોને પાછા બોલાવવા અને યુદ્ધનો અંત લાવવા માટે દુશ્મનાવાટ બંધ કરવાની હાકલ કરી છે.

## (7) ન્યાય, યુદ્ધ ન્યાયાધિકરણ અને ક્ષતિપૂર્તિ

ન્યાય સહિત રશિયન યુદ્ધ અપરાધોની કાર્યવાહી કરવા માટે વિશેષ ટ્રિબ્યુનલની સ્થાપના.

- યુક્રેનનું મંત્રાલય પણ વળતર મેળવવાના ઉદ્દેશ્ય સાથે રશિયા દ્વારા થયેલા નુકસાનની નોંધ કરી રહ્યું છે.

## (8) ઇકોસાઈડનો પ્રતિકાર

શાંતિ વાટાઘાટોમાં મુખ્ય પરિબળ તરીકે પર્યાવરણીય અસરનો સમાવેશ કરવો દુર્લભ છે, પરંતુ ઝેલેન્સકીએ તેની શાંતિ યોજનામાં તેને પ્રાથમિકતા બનાવી છે.

## (9) માનવતાવાદી સહાય

યુદ્ધને કારણે માનવતાવાદી કટોકટી થઈ છે, જેમાં હજારો લોકો વિસ્થાપિત થયા છે અને સહાયની જરૂર છે.

- ઝેલેન્સકી સંઘર્ષથી પ્રભાવિત લોકોને માનવતાવાદી સહાયની જોગવાઈ માટે આહવાન કરે છે.

## (10) મુત્સદ્દીગીરી અને સંવાદ

તેમની શાંતિ યોજનાના અંતિમ મુદ્દા તરીકે ઝેલેન્સકી સંઘર્ષને ઉકેલવા અને શાંતિ પ્રાપ્ત કરવા માટે મુત્સદ્દીગીરી અને સંવાદના મહત્વ પર ભાર મૂકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ભદ્રાચલમ મંદિરોનું જૂથ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) તેલંગાણા (D) તમિલનાડુ (C)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રુદ્રેશ્વર મંદિર' અથવા 'રામપ્પા મંદિર' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તેલંગાણા (B) કેરળ (C) કર્ણાટક (D) ઓડિશા (A)

3. રુદ્રેશ્વર મંદિર અથવા રામપ્પા મંદિર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત છે.

2. તેમનું નિર્માણ કાકતીય સામ્રાજ્યના શાસનકાળ દરમિયાન થયું હતું.

3. આ મંદિરમાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં યુક્રેનના રાષ્ટ્રપતિએ રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ........................ યોજનાની રૂપરેખા આપી છે.

(A) 5 સૂત્રીય શાંતિ યોજના (B) 10 સૂત્રીય શાંતિ યોજના

(C) 13 સૂત્રીય શાંતિ યોજના (D) 15 સૂત્રીય શાંતિ યોજના (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રાઝિલના મહાન ફૂટબોલર શ્રી પેલેનું નિધન

બ્રાઝિલના મહાન ફૂટબોલર અને દેશને રેકોર્ડ ત્રણ વાર વર્લ્ડકપમાં જીત અપાવનારા શ્રી પેલેનું 80 વર્ષની વયે અવસાન થયું છે.

- શ્રી પેલે વિશ્વના મહાન ફૂટબોલ ખેલાડીઓમાંના એક હતા.

### શ્રી પેલે

- જન્મ : 23 ઓક્ટોબર, 1940
- જન્મ સ્થળ : ટ્રેસ કોર્કોઈસ, બ્રાઝિલ
- મૂળ નામ : એડસન એરાન્ટેસ ડો નાસિમેન્ટો
- રાષ્ટ્રીયતા : બ્રાઝિલિયન
- પિતાનું નામ : ડોન્ડિન્હો
- ઉપનામ : પેલે, ધ બ્લેક પર્લ, ફૂટબોલના સમ્રાટ



પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી પેલેનો જન્મ 23 ઓક્ટોબર, 1940ના રોજ બ્રાઝિલના ટ્રેસ કોર્કોઈસ ખાતે થયો હતો.

- તેમનું મૂળનામ શ્રી એડસન એરાન્ટેસ ડો નાસિમેન્ટો હતું.
- તેઓ લોકપ્રિય રીતે પેલે તરીકે પ્રસિદ્ધ હતા.
- શ્રી પેલેએ 1956માં પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી.
- એક પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી ડી બ્રિટો શ્રી પેલેને બ્રાઝિલના સાઓ પાઉલો નજીક સ્થિત એક નાનકડુ શહેર સાન્તોસ લઈ ગયા હતા. જ્યાં તેમણે નિર્દેશકોને કહ્યું હતું કે આ 15 વર્ષનો યુવાન સૌથી મહાન ફૂટબોલ ખેલાડી હશે.
- જૂન 1956માં તેમણે Santos FC ક્લબ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- સપ્ટેમ્બર, 1956માં તેણે કોરીન્થિયન્સ સાન્ટ્રો એન્ડ્રે સામે તેની પ્રથમ વ્યાવસાયિક મેચ રમી હતી અને આ મેચમાં તેનો પ્રથમ વ્યાવસાયિક ગોલ કર્યો હતો.
- વર્ષ 1957માં તેમને રાષ્ટ્રીય ટીમમાં રમવાની તક મળી હતી.
- પેલેની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ 7 જુલાઈ, 1957ના રોજ મોરાકાના ખાતે આર્જેન્ટિના સામે હતી, જ્યાં બ્રાઝિલ 1-2 થી હારી ગયું હતું.
- આ મેચમાં તેમણે 16 વર્ષની ઉંમરમાં બ્રાઝિલ માટે પહેલો ગોલ કર્યો હતો. આ સાથે તેઓ પોતાના દેશ માટે સૌથી યુવા ગોલ કરનાર ખેલાડી બન્યા હતા.

- 1958માં પેલેનો બ્રાઝિલની ફિફા વર્લ્ડ કપ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમણે પોતાની ટીમને વર્લ્ડ કપ જીતાડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

## ત્રણ વર્લ્ડ કપ જીતનાર શ્રી પેલે એકમાત્ર ખેલાડી

શ્રી પેલેની હાજરીમાં બ્રાઝિલે 1958, 1962 અને 1970માં ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યા હતા.

- અત્યાર સુધી પેલે સિવાય વિશ્વનો કોઈપણ ખેલાડી ત્રણ વર્લ્ડ કપ ટાઈટલ જીતી શક્યો નથી.
- પેલેએ કુલ ચાર વર્લ્ડ કપ રમ્યા હતા જેમાં ત્રણમાં બ્રાઝિલ ચેમ્પિયન બન્યું હતું.

## કુલ ગોલ

શ્રી પેલેએ ફૂટબોલમાં તેમની પ્રોફેશનલ કારકિર્દીમાં કુલ 1,363 મેચ રમી હતી અને 1281 ગોલ નોંધાવ્યા હતા.

- બ્રાઝિલ માટે તેમણે 92 મેચમાં 77 ગોલ કર્યા હતા.

## પેલેના મૂળનામ સંબંધિત રસપ્રદ વાત

શ્રી પેલેનું મૂળ નામ એડસન એરાન્ટેસ ડો નાસિમેન્ટો હતું. આ નામ તેમના માતા પિતા તરફથી આપવામાં આવ્યું હતું.

- બ્રાઝિલમાં પ્રત્યેક વ્યક્તિના એકથી બે નિકનેમ હોય છે. તેઓ ડિકો તરીકે પણ ઓળખાતા હતા.
- પેલેનો જન્મ થયો ત્યારે તેમના શહેરમાં વીજળીનો બલ્બ આવ્યો હતો અને તેની રોશની જોઈને માતાપિતા ખુશ થયા હતા.
- આ બલ્બના શોધકર્તા થોમસ આલ્વા એડિસનના નામે પેલેનું નામ એડસન રાખવામાં આવ્યું હતું. પરંતુ સ્પેલિંગ ભૂલના કારણે તેઓ નામ રાખી શક્યા ન હતા.

## પેલેનું નામ કેવી રીતે પડ્યું ?

બ્રાઝિલમાં પોર્ટુગીઝ ભાષાનું ચલણ હતું. અને તેમાં પેલે શબ્દનો કોઈ અર્થ નીકળતો ન હતો.

- પરંતુ જ્યારે તેઓ 15 વર્ષની વયે Santos FC ક્લબ સાથે જોડાયા ત્યારે તેમનું નામ પેલે પડી ચૂક્યું હતું.
- આ નામ ક્યાંથી આવ્યું એમનો પેલે પણ ખુલાસો કરી શક્યા નહોતા.
- એવું માનવામાં આવી રહ્યું છે કે બાયેરુ ફૂટબોલ ક્લબના ગોલકીપરનું નામ બિલે હતું. જે તેમના પ્રદર્શનના કારણે બહુ ચર્ચામાં રહેતો હતો.
- ડિકો (એટલે કે પેલે) ઘણી મેચમાં ગોલકીપર બન્યા હતા અને બિલેનું નામ ક્યારે પેલેમાં ફેરવાઈ ગયું તેનો કોઈને અંદાજો પણ ન હતો.
- તેમના નામ સાથે અન્ય ઘણી અલગ અલગ વાતો સંકળાયેલી છે.

## પેલેની સિદ્ધિઓ અને તેમના સંબંધિત કેટલાક રસપ્રદ તથ્યો

- ફૂટબોલના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક તરીકે ઓળખાતા પેલેએ 21 વર્ષની કારકિર્દીમાં બ્રાઝિલ માટે 92 મેચોમાં 77 ગોલ સહિત કુલ 1363 મેચમાં વિક્રમી 1,281 ગોલ કર્યા હતા.
- 1958, 1962 અને 1970માં ત્રણ વખત ફિફા વર્લ્ડ કપ જીત્યા બાદ પેલેને 2000માં ફિફાના પ્લેયર ઓફ ધ સેન્ચ્યુરી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
- પેલેના 1000માં ગોલની યાદમાં સેન્ટોસ શહેરમાં 19 નવેમ્બરના રોજ 'પેલે ડે' ઉજવવામાં આવે છે.
- પેલે 1995 થી 1998 સુધી બ્રાઝિલના રમતગમત મંત્રી પણ રહી ચૂક્યા છે.
- 1999માં પેલેને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા સદીના બેસ્ટ એથ્લેટ/રમતવીર તરીકે પસંદ કર્યા હતા.
- બ્રાઝિલની સરકાર દ્વારા 'રાષ્ટ્રીય ખજાનો' તરીકે નામ આપવામાં આવ્યું હતું.
- બ્રાઝિલમાં ઘણીવાર તેમને પેરાલો નેગ્રે તરીકે ઓળખવામાં આવે છે જેનો અર્થ થાય છે કાળુ મોતી.
- તેમને બ્રિટીશ સામ્રાજ્યના ઓર્ડરના નાઈટ કમાન્ડરથી પણ નવાજવામાં આવ્યા હતા.
- પેલેના નામે સતત બે વર્ષમાં 100 કરતા વધારે ગોલનો રેકોર્ડ પણ છે. વિશ્વના આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ફૂટબોલર છે.
- પેલે ફૂટબોલના ગ્લોબલ એમ્બેસેડર પણ બન્યા હતા.
- 1994માં પેલેને યુનેસ્કોના ગુડવિલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## BSF માટે 'પ્રહરી' એપ લોન્ચ કરવામાં આવી

તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના સૈનિકો માટે 'પ્રહરી' (Prahari) એપ લોન્ચ કરી હતી.




- આ સાથે મંત્રાલયે બોર્ડર સિક્યુરિટી ઓર્ગેનાઈઝેશનના વહીવટ, તાલીમ અને કામગીરીની સમજ વધારવા માટે 13 BSF મેન્યુઅલની સુધારેલી આવૃત્તિ પણ બહાર પાડી હતી.
- આ માર્ગદર્શિકા BSF જવાનોના કામને ઝડપી બનાવવામાં મદદરૂપ થશે.

### એપની મુખ્ય વિશેષતાઓ

પ્રહરી એપનો ઉપયોગ BSF જવાનો આવાસ સુવિધાઓ, આયુષ્માન - CAPF અને રજા વિશે માહિતી મેળવવા માટે કરી શકે છે.

- આ એપ્લિકેશન 'કેન્દ્રિયકૃત જાહેર ફરિયાદ નિવારણ અને મોનિટરિંગ સિસ્ટમ' (CP-GRAMS) પર બાયોડેટા, ફરિયાદ નિવારણ વિશેની માહિતી અને BSF માટેની વિવિધ કલ્યાણ યોજનાઓ સંબંધિત માહિતી પણ પ્રદાન કરે છે.
- તે યુઝરને ગૃહ મંત્રાલયના પોર્ટલ સાથે જોડશે.

નોંધ : (1) BSFનું પૂરું નામ 'બોર્ડર સિક્યુરિટી ફોર્સ' છે.

(2) BSFની રચના 1965માં ભારત–પાકિસ્તાન યુદ્ધ બાદ કરવામાં આવી હતી.

(3) તે ગૃહ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળના ભારતના સાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાંનું એક છે.




1. તાજેતરમાં શ્રી પેલેનું નિધન થયું છે. તેઓ કયા દેશના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી હતા ?

(A) ફ્રાન્સ (B) બ્રાઝિલ (C) આર્જેન્ટિના (D) ઉરુગ્વે **(B)**

---

2. તાજેતરમાં પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી પેલેનું નિધન થયું છે તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનું મૂળ નામ એડસન એરાન્ટેસ નાસિમેન્ટો હતું.
2. તેઓ 'ધ બ્લેક પર્લ'ના ઉપનામથી પણ પ્રસિદ્ધ હતા.
3. બ્રાઝિલ માટે તેમણે 92 મેચમાં 77 ગોલ કર્યા હતા.
4. તેઓ બ્રાઝિલ, બ્રિટન અને કેનેડાનું નાગરિત્વ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

---

3. શ્રી પેલેની હાજરીમાં બ્રાઝિલે કયા કયા વર્ષે ફિફા વર્લ્ડ કપ જીત્યા હતા ?

(A) 1958, 1962, 1970 (B) 1962, 1966, 1974

(C) 1956, 1962, 1971 (D) 1962, 1964, 1970 **(A)**

---

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રહરી' (Prahari) એપ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા BSFના સૈનિકો માટે લોન્ચ કરવામાં આવી હતી.

(B) પ્રહરી એપનો ઉપયોગ BSF જવાનો આવાસ સુવિધાઓ, આયુષ્માન - CAPF અને રજા વિશે માહિતી મેળવવા માટે કરી શકે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **અમદાવાદમાં યોજનારી અર્બન-20ના લોગો - વેબસાઈટ - વેલકમ સોંગનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોન્ચિંગ કર્યું**

ભારતમાં યોજનારી G20 સમિટના ઉપલક્ષ્યમાં અમદાવાદના આંગણે યોજનારા અર્બન-20 સમિટના લોગો, વેબસાઈટ, સોશિયલ મિડીયા હેન્ડલ્સ તથા વેલકમ સોંગનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોન્ચિંગ કર્યુ હતું. આ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના કેન્દ્રીય મંત્રીશ્રી હરદિપસિંહ પૂરીજીએ વિડીયો કોન્ફરન્સથી સંબોધન પાઠવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે G20 સમિટની વિવિધ 15 જેટલી સમિટ ગુજરાતમાં પણ યોજાવાની છે. ભારતના G20 પ્રેસિડન્સી હેઠળ અમદાવાદમાં U-20 સાયકલનું આયોજન કરાશે. સી.40 (ક્લાઈમેટ ચેન્જ) અને યુનાઈટેડ સિટીઝ એન્ડ લોકલ ગવર્મેન્ટ્સ(UCLG), શહેરી મુદ્દાઓ પરના બે આંતરરાષ્ટ્રીય બિન સરકારી હિમાયત જૂથો સાથે, અમદાવાદમાં 9-10 ફેબ્રુઆરી 2023ના રોજ સિટી શેરપાની શરૂઆતની મીટિંગ, વિષયોની ચર્ચાઓ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જુલાઈ 2023માં U-20 મેયર્સ સમિટ પણ યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ગ્લોબલ સાયન્ટિફિક આઉટપુટ**

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે ભારત સાયન્ટિફિક પબ્લિકેશન્સના ગ્લોબલ રેન્કિંગમાં ત્રીજા ક્રમે પહોંચ્યું છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ ઈન્ડિકેટર્સ 2022 રિપોર્ટ મુજબ સાયન્ટિફિક પબ્લિકેશન્સમાં ભારત 2010માં વિશ્વમાં સાતમાં ક્રમે હતું. જે 2020માં ત્રીજા ક્રમે પહોંચી ચૂક્યું છે. ભારતનું સ્કોલરી આઉટપુટ પણ 2010માં 60,555 પેપર્સ હતું જે 2020માં વધીને 1,49,213 પેપર્સ થયું છે.

➤ **iDEX અને ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટ-અપ ચેલેન્જ**

ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પ્રોડક્શનની મુખ્ય પહેલ 'ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ (iDEX)એ તેના 150માં કરાર પર હસ્તાક્ષર કરીને એક મહાન સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. iDEX વર્ષ 2018માં શરૂ કરવામાં આવ્યું હતું, તે એક ઈકોસિસ્ટમ છે જે સંરક્ષણ અને એરોસ્પેસમાં નવીનતા અને તકનીકી વિકાસને પ્રોત્સાહન આપશે અને ભારતીય સેનાને તકનીકી રીતે અદ્યતન ઉકેલો અને આધુનિકીકરણ પ્રદાન કરવા માટે સંશોધકો અને ઉદ્યોગસાહસિકોને જોડશે. તે માઈક્રોસ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME), સ્ટાર્ટઅપ્સ, વ્યક્તિગત ઈનોવેટર્સ, સંશોધન અને વિકાસ સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન અને વિકાસ માટે અનુદાન પ્રદાન કરે છે. iDEX પ્રાઈમનો ઉદ્દેશ્ય રૂ.1.5 કરોડથી રૂ.10 કરોડની જરૂરિયાતવાળા પ્રોજેક્ટને ભંડોળ પૂરું પાડીને સંરક્ષણ ક્ષેત્રમાં ઝડપથી વિકસતા સ્ટાર્ટ–અપ્સને મદદ કરવાનો છે. iDEXને 'ડિફેન્સ ઈનોવેશન ઓર્ગેનાઈઝેશન (DIO) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે.

➤ **મિથેનોલ ઉત્પાદન માટે NTPC - ટેકનિમોન્ટ કરાર**

તાજેતરમાં ભારતની સૌથી મોટી વીજ ઉત્પાદન કંપની 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ' (NTPC લિમિટેડ)એ મૈયર ટેકનિમોન્ટ (Maire Tecnimont) ગ્રુપની ભારતીય પેટાકંપની ટેકનોમોન્ટ પ્રાઈવેટ લિમિટેડ સાથે બિન–બંધનકર્તા MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ MoUનો ઉદ્દેશ્ય ભારતમાં NTPCના પ્રોજેક્ટમાં વાણિજ્યિક ધોરણે ગ્રીન મિથેનોલ ઉત્પાદન સુવિધા વિકસાવવાની સંભાવનાનું સંયુક્ત મૂલ્યાંકન અને અન્વેષણ કરવાનો છે. આ ગ્રીન મિથેનોલ પ્રોજેક્ટમાં NTPCના પાવર પ્લાન્ટ્સમાંથી કાર્બન મેળવવાનો અને તેને ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે. ગ્રીન મિથેનોલ એપ્લિકેશનની વિશાળ શ્રેણી ધરાવે છે. તેમાં રાસાયણિક ઉદ્યોગો, નવીનીકરણીય વીજળીનો સંગ્રહ અને પરિવહન બળતણ માટે આધાર સામગ્રી તરીકે ઉપયોગનો પણ સમાવેશ થાય છે. તેને દરિયાઈ ઈંધણના ઉપયોગ માટે રિપ્લેસમેન્ટ ઈંધણ પણ ગણવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પ્રોજેક્ટ વાણી (Project Vaani)**

ભારતીય વિજ્ઞાન સંસ્થા (IISc), ARTPARK (AI અને રોબોટિક્સ ટેક્નોલોજી પાર્ક) અને ગૂગલ દ્વારા AI-આધારિત ભાષા મોડેલ બનાવવા માટે સમગ્ર ભારતમાંથી ભાષણ ડેટા એકત્રિત કરવા માટે 'પ્રોજેક્ટ વાણી' સંયુક્ત રીતે અમલમાં મુકવામાં આવશે. જે ભારતીય ભાષાઓને સમજી શકશે. પ્રોજેક્ટ વાણી હેઠળ 3 વર્ષમાં 773 જિલ્લાઓમાંથી લગભગ 1 મિલિયન લોકોના ભાષણ સેટ એકત્રિત કરીને સમગ્ર ભારતમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ભાષાઓને મેપ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ 30 થી 40 મિલિયન ડોલર છે. તે બેંગ્લુરુ સ્થિત IISc અને આર્ટપાર્કના ભાષા AI પ્રોજેક્ટનો એક ભાગ છે જેમાં RESPIN (ભારતીય ભાષાઓમાં ભાષણને ઓળખવા) અને SYSPIN (ભારતીય ભાષાઓમાં સંશ્લેષણ વાણી)નો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં IISc અને Google લગભગ 1.5 લાખ કલાકની સ્પીચ રેકોર્ડ કરશે, જેનો એક ભાગ સ્થાનિક સ્ક્રિપ્ટમાં ટ્રાંસ્ક્રાઈબ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ જિલ્લા–નિશ્ચિત અભિગમનો ઉપયોગ કરે છે, જેમાં દરેક જિલ્લામાંથી 1000થી વધુ લોકોને રેન્ડમલી પસંદ કરીને સ્થાનિક ભાષણ રેકોર્ડ કરવાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત 2037 સુધીમાં ત્રીજી આર્થિક મહાસત્તા બનશે : CEBR**

લંડન સ્થિત સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચ (CEBR)એ તેના વાર્ષિક 'વર્લ્ડ ઈકોનોમિક લીગ ટેબલ'માં આગાહી કરી છે કે ભારત 2037 સુધીમાં ત્રીજી આર્થિક મહાસત્તા બની જશે. આગામી પાંચ વર્ષમાં ભારતનો GDP દર વર્ષે સરેરાશ 6.4 ટકા રહેવાની ધારણા છે. આ પછી આગામી 9 વર્ષમાં GDP સરેરાશ 6.5 ટકાના દરે વૃદ્ધિની અપેક્ષા છે. કોવિડ-19 મહામારીએ ભારતીય અર્થવ્યવસ્થા પર એકદમ વિનાશક અસર કરી છે. આનાથી 2020-21માં ઉત્પાદનમાં 6.6 ટકાના ઘટાડા સાથે આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આર્થિક મંદી પછી આર્થિક પ્રવૃત્તિમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો, જે સ્થાનિક માંગમાં વધારો થવાને કારણે હતો. આના પરિણામે 2021-22માં GDP વૃદ્ધિ 8.7 ટકા થઈ અને ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બન્યું. ભારત 2037 સુધીમાં ત્રીજી આર્થિક મહાસત્તા અને 2035 સુધીમાં 10 ટ્રિલિયન અમેરિકન ડોલર અર્થતંત્ર બનવાની અપેક્ષા છે. વર્લ્ડ ઈકોનોમિક લીગ ટેબલ એ CEBRનું વાર્ષિક પ્રકાશન છે. આ રિપોર્ટ વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે મેક્રો ઈકોનોમિક ટ્રેન્ડને ટ્રેક કરે છે.

➤ **સિંગલ સિગારેટના વેચાણ પર પ્રતિબંધ**

તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ અંગેની સંસદીય સ્થાયી સમિતિએ કેન્સર વ્યવસ્થાપન, નિવારણ અને નિદાન પરના તેના અહેવાલમાં સિંગલ સ્ટિક સિગારેટના વેચાણ પર પ્રતિબંધની ભલામણ કરી છે. વર્તમાન પરિસ્થિતિ જોતા દેશમાં સિગારેટના પ્રતિબંધની ખાસ જરૂર છે. દેશમાં કેન્સરના સૌથી વધુ મોઢાના કેન્સરના છે. લગભગ 50% તમામ કેન્સરમાં તમાકુ ભૂમિકા ભજવે છે, જેને સામૂહિક રીતે તમાકુ–સંબંધિત કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સિગારેટના આખા પેકેટ કરતા એક સ્ટીક ખરીદવી વધુ આર્થિક છે.

➤ **ઊર્જા મંત્રાલય અને DRDOએ અર્લી વોર્નિંગ સિસ્ટમ માટે MoU પર હસ્તાક્ષર કર્યા**

કેન્દ્રીય ઊર્જા મંત્રાલય અને DRDOએ તાજેતરમાં પર્વતીય વિસ્તારોમાં સંવેદનશીલ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ અથવા પાવર સ્ટેશનો માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલી સ્થાપિત કરવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે. અર્લી વોર્નિંગ સિસ્ટમ અથવા પ્રારંભિક ચેતવણી સિસ્ટમ એક સંકલિત સિસ્ટમ છે. અસરકારક પ્રારંભિક ચેતવણી પ્રણાલીમાં ચાર મુખ્ય આંતર–સંબંધિત ઘટકોનો સમાવેશ થાય છે. જે આ મુજબ છે : (1) આપત્તિ જોખમ જ્ઞાન વ્યવસ્થિત રીતે ડેટા એકત્રિત કરીને અને આપત્તિના જોખમનું મૂલ્યાંકન કરીને પ્રાપ્ત કરી શકાય છે. (2) જોખમો અને તેમના પરિણામોને શોધવું, મોનિટરિંગ કરવું, વિશ્લેષણ કરવું અને આગાહી કરવી. (3) સમયસર, સચોટ અને કાર્યવાહી કરી શકાય તેવી ચેતવણીઓ અને આપત્તિની સંભાવના અને અસર અંગે સંબંધિત માહિતીના અધિકૃત સ્ત્રોતમાંથી પ્રસાર અને સંચાર (4) પ્રાપ્ત ચેતવણીનો જવાબ આપવા માટે તમામ સ્તરે આપત્તિની તૈયારી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **RTI એકાઉન્ટેબિલિટી રિપોર્ટ કાર્ડ**

સતર્ક નાગરિક સંગઠન (SNS)એ તાજેતરમાં માહિતી અધિકાર (RTI) એક્ટ 2021-22 હેઠળ એકાઉન્ટેબિલિટી રિપોર્ટ કાર્ડ બહાર પાડ્યું છે. જે દર્શાવે છે કે RTI જવાબદારીમાં તમિલનાડુ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્ય છે, જેમાં નિકાલ દર 14% છે. 23%ના નિકાલ દર સાથે પ્રતિભાવમાં મહારાષ્ટ્ર બીજું સૌથી ખરાબ રાજ્ય છે. માત્ર 10 માહિતી કમિશનરોએ આ આકારણીના ભાગરૂપે દાખલ કરાયેલ RTI અરજીઓના જવાબમાં સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. તેમાં આંધ્રપ્રદેશ, હરિયાણા, ઝારખંડ અને ઉત્તરપૂર્વીય રાજ્યો સિક્કિમ, નાગાલેન્ડ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. બિહાર રાજ્ય માહિતી કમિશનર જે 2020 અને 2021માં પ્રકાશિત થયેલ આકારણી માટે RTI કાયદા હેઠળ માહિતી પ્રદાન કરવામાં નિષ્ફળ ગયું છે. તેનો નિકાલ દર 67% છે.

## વિશ્વ

➤ **બેનિન બ્રોન્ઝ**

**જર્મનીએ બેનિનથી નાઈજીરીયામાં લૂંટાયેલી 20 બેનિન કાંસાની તકતીઓ અને મૂર્તિઓ પરત કરી છે. લગભગ 1,100 બેનિન બ્રોન્ઝની માલિકી ટ્રાન્સફર કરવા માટે જર્મનીએ જુલાઈ 2022માં નાઈજીરીયા સાથે કરાર કર્યા પછી આ અમૂલ્ય કલાકૃતિઓનું વળતર આવ્યું છે. બેનિન બ્રોન્ઝ એ હાલના નાઈજીરીયાના પ્રાચીન રાજ્ય બેનિનના 3000 થી વધુ શિલ્પો અને કલાકૃતિઓનો સમૂહ છે. તે લગભગ 16મી સદીની છે. 1897માં બેનિન સિટી પર કુખ્યાત હુમલા દરમિયાન બ્રિટિશ સંસ્થાનવાદી દળો દ્વારા તેમને લૂંટવામાં આવ્યા હતા. આમાંની ઘણી કલાકૃતિઓ રાજ્યના રાજાઓ અને રાણી માતાઓ માટે વિશેષરૂપે સોંપવામાં આવી હતી. આ કલાકૃતિઓ બેનિન રાજ્યની સંસ્કૃતિ તેમજ પાડોશી રાજ્યો સાથેના તેના સંબંધોની સમજ આપે છે. આમાંની કેટલીક કલાકૃતિઓ યુરોપિયનો સાથેના સામ્રાજ્યના સંબંધને પણ દર્શાવે છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

➤ ગુજરાતના કયા શહેરમાં યોજનારી અર્બન-20ના લોગો-વેબસાઈટ અને વેલકમ સોંગનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોન્ચિંગ કર્યુ હતું ? – અમદાવાદ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ iDEXનું પૂરું નામ જણાવો ? – ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલેન્સ

➤ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીશ્રીના જણાવ્યા અનુસાર ભારત સાયન્ટિફિક પબ્લિકેશન્સના ગ્લોબલ રેન્કિંગમાં કેટલામાં સ્થાને પહોંચ્યું છે ? – ત્રીજા

➤ ........... દેશએ બેનિનથી નાઈજીરીયામાં લૂંટાયેલી 20 બેનિન કાંસાની તકતીઓ અને મૂર્તિઓ પરત કરી છે. – જર્મની

➤ IISc, ARTPARK અને ગૂગલ દ્વારા AI આધારિત ભાષા મોડેલ બનાવવા માટે કયો પ્રોજેક્ટ સંયુક્ત રીતે અમલમાં મૂકશે ? – પ્રોજેક્ટ વાણી

➤ CEBRના જણાવયા અનુસાર ભારત કયા વર્ષ સુધીમાં ત્રીજી આર્થિક મહાસત્તા બનશે ? – 2037

➤ ઊર્જા મંત્રાલય અને ............... એ અર્લી વોર્નિંગ સિસ્ટમ માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. – DRDO

➤ RTI એકાઉન્ટેરિલિટી રિપોર્ટ કાર્ડ અનુસાર RTI જવાબદારીમાં કયું રાજ્ય સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્ય છે ? – તમિલનાડુ

1. તાજેતરમાં _____ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે મનોવૈજ્ઞાનિક સહાય પૂરી પાડવા માટે મનનાલા નલ્લાથવું મન્દ્રમ અથવા મનમ યોજના શરૂ કરી છે. – તમિલનાડુ (તેનો ઉદ્દેશ્ય તબીબી વિદ્યાર્થીઓની આત્મહત્યા અટકાવવાનો તેમજ માનસિક સ્વાસ્થ્યથી પીડિત દર્દીઓની યોગ્ય સારવાર માટે તેમને તાલીમ આપવાનો છે.)
2. કઈ સંસ્થાએ 'Best Security Practices in Government Sector' માટે DSCI AISS એવોર્ડ જીત્યો છે ? – UIDAI
3. તાજેતરમાં _____ ના નિષ્ણાતોએ એક કૃત્રિમ હૃદય વિકસાવ્યું છે, જે હૃદય સંબંધિત સમસ્યાઓથી પીડિત લોકો માટે મદદરૂપ સાબિત થશે. – IIT કાનપુર
4. FIH મેન્સ હોકી વર્લ્ડકપ 2023 માટે ભારતીય ટીમના કેપ્ટન તરીકે કોને પસંદ કરવામાં આવ્યા છે ? – હરમનપ્રીત સિંહ
5. ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (IFC)એ ભારતમાં કઈ કંપનીને 400 મિલિયન યુએસ ડોલરની લોન આપી છે ? – HDFC
6. ‘પુષ્પ કમલ દહલ’ પ્રચંડને કયા દેશના વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – નેપાળ
7. તાજેતરમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બેસ્ટ ક્રિકેટ એવોર્ડને શું નામ આપ્યું છે ? – શેનવોર્ન પુરસ્કાર (ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે મેન્સ ક્રિકેટમાં વર્ષના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટને આપવામાં આવતા પુરસ્કારનું નામ પૂર્વીય ક્રિકેટર શ્રી શેનવોર્નના નામ પરથી રાખ્યું છે. હવે દર વર્ષે ટેસ્ટ ક્રિકેટમાં બેસ્ટ ટેસ્ટ ક્રિકેટરને શેનવોર્ન વર્ષનો બેસ્ટ ક્રિકેટર પુરસ્કાર આપવામાં આવશે.)
8. તાજેતરમાં ભારત કયા પાડોશી દેશ સાથે મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવા સંમત થયું છે ? – બાંગ્લાદેશ
9. તાજેતરમાં કયા રાજ્યમાં આર્મીના જવાનોને લઈ જતી ટ્રક ઝેમા–લચેન વિસ્તારમાં ખાઈમાં ખાબકતા 16 જવાનો શહિદ થયા હતા ? – સિક્કિમ
10. તાજેતરમાં IPL 2023ના પ્લેયરની હરાજીમાં પંજાબ કિંગ્સે શ્રી સેમ કરનને 18.50 કરોડમાં ખરીદયો છે. તેઓ કયા દેશના ખેલાડી છે ? – ઈંગ્લેન્ડ
11. તાજેતરમાં Emperor Penguins સમાચારમાં હતું. તે કયા પ્રદેશનું મૂળ નિવાસી છે ? – એન્ટાર્કટિકા (એક રિપોર્ટ અનુસાર એમ્પરર પેન્ગ્વિન અથવા સમ્રાટ પેન્ગ્વિન 2100 સુધીમાં લુપ્ત થવાના જોખમમાં છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. ભોપાલમાં આયોજિત રાષ્ટ્રીય મહિલા બોક્સિંગ ચેમ્પિયનશિપમાં કોણે ગોલ્ડ મેડલ જીત્યા છે ?
– સુશ્રી લવલીના બોર્ગોહેન અને નિખત ઝરીને
13. ગૃહ મંત્રાલય અને કયા રાજ્યએ ZUF સશસ્ત્ર જૂથ સાથે ઓપરેશન સમાપ્તિ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?
– મણિપુર
14. કયા કેન્દ્રીય મંત્રાલયે 'સિટી ફાયનાન્સ રેન્કિંગ્સ 2022' લોન્ચ કર્યુ છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
15. 'નેશનલ મોબાઈલ મોનિટરિંગ સિસ્ટમ (NMMS)' કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ?
– ગ્રામીણ વિકાસ મંત્રાલય
16. આર્મેનિયા અને ભારત વર્ષ 2022માં દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે ?
– 30મી
17. RBI અનુસાર ગ્રોસ નોન–પર્ફોર્મિંગ એસેટ્સ (GNPA) રેશિયો જે સપ્ટેમ્બર 2022માં ઘટીને 5.0%ના સાત વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો તે સપ્ટેમ્બર 2023 સુધીમાં વધીને ______ થવાની ધારણા છે. – 4.9%
18. તેલંગાણા સરકારે ખેડૂતોને આર્થિક સહાય માટે રાયથુ બંધુ યોજનાના કેટલામાં તબક્કાની શરૂઆત કરી હતી ?
– દસમા
19. કઈ સંસ્થાને 'G20 સાયન્સ વર્કિંગ ગ્રુપનું સચિવાલય' (G20 Working Groups Secretariat) નામ આપવામાં આવ્યું છે ? – IISc બેંગ્લોર
20. 'દક્ષ' એ કઈ સંસ્થા દ્વારા સંચાલિત પેમેન્ટ ફ્રોડ રિપોર્ટિંગ મોડ્યુલ છે ? – RBI
21. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી – નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર એન્ડ સેનિટેશન' (DSPM-NIWAS)નું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – પશ્ચિમ બંગાળ
22. કયા શહેરોમાં ભારતીય સેનાએ સૌપ્રથમવાર સૈનિકોને 3D પ્રિન્ટેડ ઘરો આપ્યા છે ? – અમદાવાદ
23. કયા રાજ્યએ ભારતનો પ્રથમ 'નીલગીરી તહર પ્રોજેક્ટ' શરૂ કર્યો છે ? – તમિલનાડુ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BYE BYE 2022

**જિંદગીમાં કોઈ દિવસ નિરાશ ના થશો,**
**શું ખબર કાલે એજ દિવસ હોઈ જેની તમે વર્ષોથી રાહ જોતા હોય......**

# અવસર

# 50% DISCOUNT

TARGET

## તલાટી, જુ.ક્લાર્ક

₹999/- 3 MONTH VALIDITY

FREE
- E-Books (PDF)
- 500+ Video
- Mock Test

સફળતાની સંપૂર્ણ તૈયારી

## વનરક્ષક (બીટ ગાર્ડ)

₹2,500/- 1 YEAR VALIDITY

₹1,500/- 6 MONTH VALIDITY

FREE
- E-Books (PDF)
- 410+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

RECORDED BATCH

₹1,499/- 1 YEAR VALIDITY

₹999/- 6 MONTH VALIDITY

FREE
- E-Books (PDF)
- 500+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

LIVE BATCH

~~₹20,000/-~~ ₹9,999/- 1 YEAR VALIDITY

FREE
- All Subject Material & Books
- Lecture PDF
- Daily/Weekly Mock Test
- Reading Schedule

Google Play iceonline

93773-01110 (10:00am to 6:00pm)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT